Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૪૯ • તા. ૦૫ ડિસેમ્બર ૨૦૧૬ થી ૧૧ ડિસેમ્બર ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## જાન્યુઆરી ૨૦૧૭માં જે જ્ઞાતિને અર્પણ થવાની છે....
## એ નવનિર્મિત શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહમાં મળનારી સુવિધાઓની ઝલક



રોડ તરફથી દેખાતું મકાનનું દૃશ્ય



પાછળની બાજુનું દૃશ્ય



૪ વિદ્યાર્થીઓને રહેવાની વ્યવસ્થાવાળા આધુનિક રૂમ



રસોડું



ભોજન કક્ષ



લાયબ્રેરી



ટ્યુશન રૂમ



મલ્ટીપરપઝ રૂમ



કૉમ્પ્યુટર રૂમ



સ્પોર્ટ રૂમ



જીમ



ટાયલેટ

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ

આયોજિત

## સમસ્ત જૈન સમાજના

## સમુહ લગ્નોત્સવ-૨૦૧૬

shantijin
प्रसन्नता...सर्वदा

સંપૂર્ણ સમુહ લગ્નોત્સવના દાતાશ્રી







**માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયાની પ્રેરણાથી**

**શેઠશ્રી તરૂણ રતનશી લોડાયા (સાયરા-પુના)**

સ્નેહી સ્વજન શ્રી,

પરમાત્માની કૃપાએ, વડિલોના અનુગ્રહે, અને જ્ઞાતિજનોની ઉદારતાએ પ્રિત પિયુને પાનેતરના ત્રિવેણી સંગમનો પ્રયાગ રચાયો છે. ૨૦–૨૦ આત્માઓ સંસારની વેદિકા પર એક્યતાના અનાહત નાદ ગજવસે. અબીલ–ગુલાલની ગુલછડી ઉડશે...સાજન–માજન માંડવે. ભેગા થશે. ત્યારે સમગ્ર જ્ઞાતિજનો, મહાનુભાવો શુભ આશિષ આપી મંગલ પ્રસંગના સાક્ષી બનશે.

યુગલોના મંગલ પરિણયના પુનિત પંથે પ્રસ્થાન કરવાની શુભ ઘડી એટલે જૈન સમાજમાં ભવ્યાતિભવ્ય સમૂહ લગ્નોત્સવે આપની ઓજસભરી ઉપસ્થિતિ ઉત્સવને મહોત્સવ બનાવશે. આ આનંદમદય પ્રસંગે ઉપસ્થિત રહીને નવદંપતિઓને સુખી નવજીવનની શરૂઆત માટે આશીર્વાદ અને શુભેચ્છાથી વધાવશો તેવી વાત્સલ્યસભર વિનંતી !

**પરિણયનું પ્રાંગણ**
લબ્ધિ નિધાન વાટિકા,
લીલાશા કુટીયા, આદિપુર–કચ્છ.
પીન–૩૭૦૨૦૫.

**માગસર સુદ ૧૧**
શનિવાર, તા. ૧૦/૧૨/૨૦૧૬
જાનૈયા માનૈયાનું સ્વાગત
શ્રી નવકાર મહામંત્ર પુજન
શ્રી મહાકાળી માતાજીની ભાવના
ગીત સંગીત–દાંડિયા રાસ

**માગસર સુદ ૧૨**
રવિવાર, તા. ૧૧/૧૨/૨૦૧૬
પરિણય પર્વ
વરઘોડો, હસ્તમેળાપ, લગ્ન સમારોહ
ભવ્ય અભિવાદન સમારોહ
વિદાય સમારંભ

લિ...

| ગોવિંદજી પટેલ | જયેશ જૈન | પ્રવિણ લોડાયા |
|---|---|---|
| ઉપાધ્યક્ષ | અધ્યક્ષ | ઉપાધ્યક્ષ |

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ**

# સોચ કો બદલ ડાલો : પુષ્પ પુજા એ હિંસા નથી?

**પ્રવીણ લોડાયા (વડોદરા)**



પુષ્પ એ ઈશ્વરનું રૂપ છે. તેનું ખીલવું, સુગંધ પ્રસરાવી રહેવું, તેનું વિભિન્ન રંગથી પ્રકટી રહેવું, તેની મૃદુતા... આ સઘળું આપણે તે નિમિત્તે યાદ કરીએ છીએ અને અનુભવી પણ રહીએ છીએ.

માણસની પુષ્પ માટેની સદાની તરસ જાણીતી છે તે ક્યારેય પુષ્પ તોડે નહીં કારણ કે આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાને કહ્યું હતું કે વનસ્પતિમાં જીવ છે. ભગવાન મહાવીર પૃથ્વી પરના પહેલા માનવ હતા જેમણે વનસ્પતિમાં જીવ છે એમ કહ્યું હતું. વિજ્ઞાને તો આજે શોધ કરી.

ભારતના જગદીશચંદ્ર બોસે વિશ્વને સાબીત કરી આપ્યું હતું કે વનસ્પતિમાં જીવ છે. ભલે એમણે ભગવાનની વાણીનો હવાલો નથી આપ્યો. જો ભગવાને પુષ્પમાં જીવ છે એમ કહ્યું હોય તો પુષ્પને તોડાય કેમ?

જૈન ધર્મ જે અહિંસા ઉપર ઊભો છે એનો છેદ જ ઉડી જાય. સોચ કો બદલ ડાલોની દૃષ્ટિએ એના પર વિચાર કરવું જોઈએ. પ્રભુએ એટલે જ પૃચ્છના શબ્દ આપ્યો છે. જેના પરથી મેં અટ્ઠાઈ ઉપર લેખ લખ્યો હતો.

પશ્ચિમના વિદ્વાનો ભગવાન મહાવીરના વિચારો માથે ચડાવીને સંશોધન કરી રહ્યા છે, જ્યારે આપણે આગુસે ચલી આતી હૈ એ થીયરી પર ચાલીએ છીએ.

કવિ જહૉન રેમન જિમેનેઝની એક ટચુકડી કૃતિએ મને જળ, પુષ્પ, પવન અને ભ્રમણા એવા ચાર શબ્દો વિશે જરા ભિન્ન રીતે વિચારવા પ્રેર્યો છે.

આ કવિતાનું વિશ્લેષણ અત્રે અસ્થાને છે પણ ટૂંકમાં કહીશ કે માંડ છ પંક્તિમાં વિસ્તરેલી આ કૃતિમાં એક રીતે તો બે વ્યક્તિનો સંવાદ છે. કવિનો પ્રશ્ન આ જળ, પુષ્પ, પવન છે ખરા? સત્યને તે અવગણી શકે તેમ નથી તો એ સત્યને તે જીરવી શકે તેમ પણ નથી. પ્રશ્નાર્થ વડે હજી કોઈ રીતે પુષ્પને ઉગારી લઈ શકીએ ખરા? એવા હૃદય વિદારક મંથનની છે.

પુષ્પ અનાસક્ત છે. એ પોતાની સુગંધની સમજ આપવા માટે આપણી સાથે વાત નથી કરી શકતું. એક અમેરિકન કવિએ કહેલું કે જે માણસ પુષ્પ પાસેથી ડહાપણ મેળવવાની શક્તિ ધરાવે છે એ સૌથી સુખી માણસ છે. માણસને પુષ્પ પાસેથી સુગંધ મેળવવાનું સમજાય છે પણ ડહાપણ મેળવવાનું નથી સમજાતું.

પુષ્પ પાસે સુગંધ છે, રંગ છે અને ભવ્યતા છે. આ બધું કોઈકને પહોંચાડવાની ચેષ્ટા એ નથી કરતું. એની ભવ્યતા આસપાસ પ્રસરે છે. પુષ્પને તોડવું એટલે એને આસન પરથી ઉખેડીને દાંડીની ડોક મરડીને હાથમાં લેવું. એની હિંસા કરવી.

ક્યારે બગીચામાં ધ્યાનથી જોયું છે કે છોડ પર ધ્યાનસ્થ થયેલા પુષ્પની હાજરી ઊંડી પ્રસન્નતાનો ભાવ જગાવી જાય છે. પુષ્પ એટલે સુગંધ ફેલાવતું ટ્રાન્સિસ્ટર.

પુષ્પ પોતાની જગ્યા છોડીને સુગંધનો પ્રચાર કરવા માટે ક્યાંય જતું નથી. એ પોતાની જગ્યાએ શાંતિથી ઊભું છે. એનું હોવું એ જ પૂરતું છે. એને જબરી ધીરજ છે. આસપાસ કોઈ સુગંધ માણનારું છે કે નહિં એની એ ચિંતા કરતું નથી.

પોતાના રંગ-રૂપને જોનારું કોઈ નથી એ વાતનો એને ઉચાટ નથી. પુષ્પનું હોવું બિલકુલ નિરુપદ્રવી છે. ખરા ભક્તના જેવું સમત્વ એણે પ્રાપ્ત કર્યું છે.

પુષ્પનો દેહ નાશવંત છે. સાંજ પડે એની પાંદડીઓ ખરી પડે છે. પરંતુ જે પુષ્પત્વ છે તે અમર છે, અવિનાશી છે. પુષ્પ મરે છે, પણ પુષ્પત્વ જીવે છે.


**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 09324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 49/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## અહો દાનમ્ !!!




નલીયામાં રહેલ મૂળ વડસરના શ્રી ગોવિંદજી નરશી દંડ જાતે ખેડૂ પુત્ર બચપણી જ મુંગા જાનવરો સાથે કુટુંબ જેવો સંબંધ. ગામાઈયો એમને ''ગોવી ગવાડે'' તરીકે વધુ ઓળખે જીવમાં જયણાં અને કરૂણાં. સામાન્ય શિક્ષણ અને રહેવાનું પણ નલીયા એટલે સમય સંજોગે એમણે ''શ્રી પાંજરાપોળ-ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ''નલીયામાં સ. ૧૯૭૧ થી ૧૯૯૧ સુધી લગાતાર ૨૦-૨૦ વરસો સુધી મહેતાજી તરીકે વફાદાર સેવા આપી. ખંત, ખાંખત, ચીવટ, ચાંવત અને નિષ્ઠા સભર ગોવિંદજીભાઈ સમય સંજોગે બીમાર પડ્યા. પરિવારે ઉચિત માવજત કરી પણ ગોવિંદજીભાઈ પથારીએ થી બેઠા થયા નહીં. તેથી પરિવારના સુપુત્રોએ પુછયું,'' અધા, કુલા મુંજોતા. આંજે મનજી છેલ્લી ઈચ્છા કુરો આય અસીં પૂરી કઈબો. ગોવિંદજીભાઈએ કહ્યું પાંજરાપોર જો પગાર ખાઈ આંકે વડાં કેયો આય... રૂા. ૮૦ થી હેવર રૂા. ૮૦૦ જો પગાર આય મુંજે હેતરે રૂા. જો વિચારા જેનાવરેં કે વતરો ઓછો મેલ્યો હુંધો, હિતરે સા. નીકરે નતો. અંઈ વ્યાજ સહિત હેતરા રૂા. લખમેં લખ ઉમેરે પાછા ડેઓ હી મુંજા છેલ્લી ઈચ્છા અને ઘવા આય.' જેનાવર ઘોઆ ડીંઘા.''

એમના સ્વ. ધર્મપત્ની રમીલાબેન અને પુત્રોએ પળનો પણ વિલંબ કર્યા વગર રૂા. ૨ લાખ ૧ હજાર રૂા. પાંજરા પોળને ગોવિંદજીભાઈની અંતીમ ઈચ્છાને શીરોમાન્ય કરી ઋણાનુ મુક્ત દાન આપતાં સંચાલકોએ પણ પાંજરાપોળની ઓફિસે એ જ્યાં બેસતા હતા ત્યાં આરસની તક્તીએ પારસ સમા આ દિલાજાન દાનનો ઉલ્લેખ કર્યો છે.

મધ્યમ વર્ગીય પરિવારના આવા દાને ઝૂકી ઝૂકીને સલામી આમ હો તો કરાય ને ?

**- લહેરચંદ વેલજી મૈશેરી,** ભાંડપ


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |
| ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા | | | |

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


## પરાયાની લાગણી સમજનારા મોટા મનવાળા

શ્રી તેકુલાધુ જૈન યુવ સંઘે વાર્ષિક સ્નેહ મિલનના ભાગરૂપે શૈક્ષણિક સન્માન યોજવાના ઈરાદે ધોરણ ૧ થી માંડી ૧૦ અને ૧૨માં કોઈપણ માધ્યમમાં પાસ થયા હોય તથા અન્ય કોઈ ડીગ્રી ડિપ્લોમા મેળવેલ હોય તે સહુના પરિણામોની નકલ મંગાવી.

સન્માનના દિવસે સહુના આશ્ચર્ય વચ્ચે પાસ થયેલા એકાએકને પ્રેમથી સ્ટેજ પાસે બોલાવી ઈનામોથી નવાજ્યા. નવાઈની વાત એ લાગી કે શ્રેષ્ઠ માર્ક ધારીઓની પ્રશસ્તિ કરી મોટું કાર્ય પાર પાડવાનો સંતોષ ન લીધો. સર્વને ઈનામ અને બહુમાનથી પ્રોત્સાહિત કર્યા. નાના મોટા વિદ્યાર્થીઓ ખુશ ખુશ થયા અને વધુમાં વાલીઓને અહેસાસ થયા વિના રહ્યો નહિ કે શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘના માનવંતા કાર્યકરો ખરેખર મોટા મનવાળા છે જે પરાયાની લાગણી બરોબર સમજી શકે તેવા છે.

**- કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ


|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||

**આદ્યશક્તિ ટ્રેવ્હલ્સ** **ઘરના સભ્ય જેવા ડ્રાયવરો**

**ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર**

**ટાટા ઈંડીગો/સ્વીફ્ટ ડીઝાઈર/શૅરોલેટ તવેરા**

સંપર્કઃ **શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ),** બાયઠવાળા

**099798 55686**

## દેશ સાથે ચાલો જ્ઞાતિને પણ ડિજિટલ બનાવીએ

આપણા દેશના માનનીય પ્રધાન મંત્રીશ્રી ના ડિજીટલ ભારતની વિઝનની સાથે સાથે, અમે શ્રી ક.દ.ઓ. ઓસવાલ જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિ તરફથી સહર્ષ જણાવતા આનંદ થાય છે કે ખુબ થોડા સમયમાંજ આપણું KDOVP નું નવું અપગ્રેડ એન્ડ્રોઈડ એપ્લિકેશન નવા ક્લેવરમાં અને સરળતાથી વપરાય એવા ફેરફાર સાથે આવી રહ્યું છે. જેથી આપણે બધા દરેક માહિતીને વધુ સારી રીતે તથા આપણી પોતાની માહિતીઓ એપ્લિકેશનમાંથી જ સરળતાથી સુધારી શકશું.

આપણી આ ડેટાબેઝને સંપૂર્ણપણે સુરક્ષિત રાખવા અને વાપરવા ફક્ત અને ફક્ત K.D.O. સભ્ય જ રજીસ્ટર્ડ વપરાશકર્તા (૧૮ વર્ષની ઉપરના) બની શકશે અને માહિતીનો ઉપયોગ કરી શકશે. જ્યાં સુધી નવું અપડેટેડ એન્ડ્રોઈડ એપ્લિકેશન બહાર આવે ત્યાં સુધી અમે આપણા દરેક K.D.O. સભ્યોને વિનંતી કરીયે છીએ કે તમે બધા આપણી વેબ-સાઈટ (www.kdovp.com) ઉપર નીચે જણાવેલ સૂચનાઓ (http://kdovp.com/Guide.htm ઉપર પણ ઉપલબ્ધ) મુજબ નોંધણી કરવા શરૂ કરી શકો છો. (ખાસ નોંધ : દરેક નોંધકર્તા પાસે પોતાનું એક્ટિવ ઈમેઈલ ખાતું હોવું જરૂરી છે. (ઘરના બીજા સભ્યોને પોત પોતાનું અલગ ઈમેઈલ ખાતું જોઈશે).

૧. સૌથી પહેલા www.kdovp.com ની આપના કોમ્પ્યુટર કે લેપટોપ મારફત ડેસ્કટોપથી મુલાકાત લ્યો. (જો તમે એન્ડ્રોઈડનો સ્માર્ટ ફોન વાપરતા હો તો "Request Desktop" તમારા બ્રાઉઝર ડ્રોપ ડાઉન મારફત પસંદ કરવું). ૨. રજીસ્ટર Register ઉપર ક્લિક કરવું. ૩.તમારી માહિતી ભરવી. ૪. સબમિટ (Submit) બટન ઉપર ક્લિક કરશો. ૫. તમારું ઈમેઈલ એકાઉન્ટ ખોલો. ૬. અમારા તરફથી મોકલેલ ઈમેઈલ ખોલો અને એમાં આપેલ લિંકને ક્લિક કરો. ૭. અમે બનતી ત્વરાથી આપે મોકલેલ માહિતી ચકાસી જો ઓકે હશેતો તમને કામચલાઉ પાસવર્ડ તમારા ઈમેઈલ ખાતામાં મોકલી દઈશું. ૮. ફરીથી આપણી સાઈટ www.kdovp.com ઉપર જશો અને તમારા ઈમેઈલ ખાતા તેમજ કામચલાઉ પાસવર્ડથી લોગઈન કરજો અને નવો પાસવર્ડ બદલાવી નાખજો. હવે તમે સંપૂર્ણ સભ્યોની માહિતી જોઈ શકશો અને તમારા કુટુંબમાં કોઈ પણ જાતના ફેરફાર હોય તો ઓન લાઈન જણાવી શકશો.

**ખાસથી જણાવવાનું કે આપની માહિતીઓમાં કોઈ પણ પ્રકારના ફેરફાર ફક્ત ઓનલાઈન "Change Request" મારફત, તમારા પોતાના અથવા કુટુંબના કોઈ પણ રજીસ્ટર્ડ સભ્યના લોગ ઈનથી જ થઈ શકશે.**

અમે દરેક સભ્યોને વિનંતી કરીયે છી એકે, આ કાર્ય બાબત જાગૃતિ લાવવા એક બીજાને મદદ કરશોજી જેથી દરેક સભ્ય પોતાના કુટુંબની તાજી માહિતી રાખી શકે જે સમાજને તથા એમના પોતાના કુટુંબને એનો લાભ મળી શકે.

For **kdovp.com** વતી

**કિરીટ શાહ (મુનવર)   ડાયમંડ દંડ   જલ્પા લોડાયા**

## Let's make Country as well as Community Digital

Supporting Digital India Vision of our beloved PM, we at KDOVP are pleased to announce that very soon your KDOVP Android Application will be upgraded with new features to make it more interactive… better... and will allow you to do everything directly from App including updating your data.

In order to maintain strict security of data and use, only and only KDOs (Above 18 years only) are allowed to become registered users and have access to the data (need to know basis). Till the time, updated App is launched, we request members to register on the site ( www.kdovp.com) by following step by step instructions given below (available on http://kdovp.com/Guide.htm too)

(Note: Every KDO who want to register must have One Active Email Account (separate for each Family Member)):

1. Visit www.kdovp.com from Desktop / PC / Laptop / Smartphone. (If using Android Smartphone, select “Request Desktop Site” from dropdown); 2. Click Register 3. Fill all data 4. Submit. 5. Open your email account 6. Click on email link received in new email sent by system. 7. Wait till we verify correctness of data submitted and you will get temporary password by email on successful verification. 8. Please visit www.kdovp.com and login with your email id and temporary password, Change to new password and you are okay to surf the site and submit changes.

**Please note that Changes in the Data will be accepted ONLY by Online Submissions through “Change Request” Option in your login. One Member can carry changes for his/ her immediate family members who are connected within 7 Steps (as shown in respective Family Tree).**

We request members to spread awareness and carry necessary updations as soon as possible so that latest data is reflected on your profile.

For and on behalf of **kdovp.com**

**Kirit Shah (Munvar)   Diamond Dand**
**Jalpa Lodaya**

**અમારો સંપર્ક કરો : Contact us :**

ઈમેઈલ : Email : kdovasti@gmail.com

વૉટ્સઅપ : Whatsapp : +91 91677 33603

ફેસબુક : Facebook :
https://www.facebook.com/KDOVastiPratak

ટવીટર : Twitter : https://twitter.com/kdovp

## કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએશનની સામાજિક સુરક્ષા યોજના

૦ થી ૫૩ વર્ષના જ્ઞાતિજનો ફક્ત એક જ વખત રૂા.૨૦૦૦/- રીફંડેબલ ડીપોઝીટ તથા રૂા. ૨૦૦/- સભ્યપદ ફી ભરીને મેમ્બર થઈ શકે છે. મેમ્બરની ૫૫ વર્ષની વય સુધી રૂા. ૭૫,૦૦૦/- સુધીનું જીવન વીમો તથા રૂા. ૭૫,૦૦૦/- સુધીનું અકસ્માત ડેથ વીમાના લાભ મળી શકે છે અને ૫૫ વર્ષની વય પછી ડીપોઝીટની રકમ ૧૦૦% સુધી બોનસ સહિત પર કરાય છે. ફોર્મ તથા માહિતી માટે સંપર્ક વોટસએપ - **8767753082** ઈમેલ - **kdosss@yahoo.in**

અત્યાર સુધીમાં ૧૦૪૫૬૦ જ્ઞાતિજનો આ યોજનામાં જોડાયા છે. તેમાંથી ૩૧૩ સભ્યો ૫૫ વર્ષની વય પહેલા મૃત્યુ પામતા તેમના નોમીનીઓને રકમ ચૂકવવામાં આવી છે. ૨૬૪૩ સભ્યો રીટાયર થયા છે અને હાલ ૭૫૦૦ સભ્યો છે.

જ્ઞાતિના ગામના મહાજનો તથા સ્થાનિક સંસ્થાઓને તેમના સભ્યોને આ યોજનામાં જોડાવવા માટે અપીલ કરવા અથવા સાથ સહકાર આપવા વિનંતી છે.

## હમેંશા ખુશાલ રહો

હમેંશા પોતાને ખુશાલ હો એ રીતે પ્રસ્તુત થાવ



કેમ કે
પ્રારંભમાં તે તમારો દેખાવ બનશે
ધીમે ધીમે તે તમારી આદત બનશે
અને અંતે
તે તમારું વ્યક્તિત્વ બનશે

**- શ્રી હંસ ભવાનજી અરજણ ખીમજીએ** મિત્રોને મોકલેલ શુભેચ્છા

શ્રી વાછરાદાદા નમો નમઃ

### શ્રી સાંધવગામે વાછરાદાદાની પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી સાંધવગામે વાછરાદાદાની પ્રતિષ્ઠા મહોત્સવે પધારવા ભાવભર્યું આમંત્રણ **તા. ૨૨/૪/૨૦૧૭ થી તા. ૨૪/૪/૨૦૧૭ના ત્રિદિવસીય મહોત્સવ** નિમિત્તે સાંધવ ગામના શ્રી વાછરાદાદાના નુતન મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવે સર્વે જ્ઞાતિજનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

લી. **ગોવિંદજી લાલજી પટેલ** (ભુવાશ્રી)

## મૈશેરી નુખના શ્રી આશાપુરા માં ને નમતા ભાવિકોને જખૌ સ્થાનકે પધારવાનું સપ્રેમ આમંત્રણ

**કચ્છ જખૌના નીમવાળા ફરીયામાં બીરાજમાન શ્રી આશાપુરા માતાજીને નમતા મૈશેરી કુટુંબના ભાવિકોને જણાવવાનું કે ચૈત્ર સુદ ૧૩,૧૪,૧૫ એટલે કે તા. ૯,૧૦,૧૧ એપ્રિલ ૨૦૧૭ આમ ત્રણ દિવસના કાર્યક્રમનું આયોજન રાખેલ છે. સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહ કુટુંબ પધારવાનું આમંત્રણ છે. બધાજ ભાવિકોને તા. ૮/૪/૨૦૧૭ને શનિવારે સાંજ સુધી જખૌ ગામે આવી જવા નમ્ર વિનંતી.**

### કાર્યક્રમની વિગત

- ચૈત્ર સુદ ૧૩ તા. ૯/૪/૨૦૧૭, રવિવાર સવારના ૯ કલાકે **ચંદીપાઠ...** સાંજના **ભલારા દાદાની ભુવાની વિધી**
- ચૈત્ર સુદ ૧૪ તા. ૧૦/૪/૨૦૧૭ સોમવાર સવારના ૯ કલાકે **માતાજીની પહેડી... માતુશ્રી જયાબેન ગોવિંદજી મૈશેરી જખો પરિવાર** તરફથી... સાંજે **ભલારા દાદાની ભુવા વિધી**
- ચૈત્ર સુદ ૧૫ તા. ૧૧/૪/૨૦૧૭ મંગળવાર સવારના ૯ કલાકે **ભાવિકો તરફથી... સમુહ પહેડી પ્રસાદ,** સાંજના **ભલારા દાદાનો પાઠ**

**નોંધ :** સર્વે ભાવિકો માટે ચા-પાણી તથા જમવાની વ્યવસ્થા તા. ૮/૪/૨૦૧૭ સાંજથી તા. ૧૨/૪/૨૦૧૭નાં સવાર સુધી અલગ રસોડા દ્વારા રાખવામાં આવેલ છે. આવવા-જવાની તથા રહેવાની વ્યવસ્થા દરેકે પોતાની રીતે કરવાની રહેશે. **જે કુટુંબો આ અવસરે પધારવાના હોય તેઓએ પહેલાથી જાણ કરવી, જેથી રસોડાની વ્યવસ્થા તે પ્રમાણે કરી શકાય.** (ભાવિકોને નમ્ર વિનંતી કાળા વસ્ત્રો પહેરવા નહીં)

**પુછ પરછ સંપર્ક :** લી. **રાજુલા રમેશ મૈશેરી જખૌ (ભોઈમાં) - 02831 287545**

**રમેશ વેલજી મૈશેરી** (જખૌ) **- 09825549939**
**રમેશ ભવાનજી મૈશેરી** (લોનાવાલા) **- 09422369999**
**અશોક ગોવિંદજી મૈશેરી** (જખૌ) **- 09978865583**
**લક્ષ્મીચંદ ઊમરશી મૈશેરી** (LU મુલુંડ) **- 09821084972**
**મહેન્દ્ર ઊમરશી મૈશેરી** (ઘાટકોપર) **- 09967150987**

## સફળતાની કેડી કંડારનારા યુવાનોની માહિતી મોકલો






પ્રકાશ સમીક્ષાએ સમુદાયની અજાણી પ્રતિભાઓને પ્રકાશમાં આણવાનું નક્કી કર્યું છે.

કૃપયા, આપ આવી કોઈ ૫૦ વર્ષ સુધીની પ્રતિભાને પીછાનતા હો તો તેની વિગતો શ્રી હિરાચંદને નીચે આપેલા ફોન કે ઈમેઈલ પર મોકલો. આ વિગતોમાં તેમને પ્રેરણા આપનાર, શૈક્ષણિક અને કારકિર્દી પાશ્વભૂ, સંઘર્ષ ને સફળતાની કથા તેમજ કૌટુંબિક-સામાજિક પાશ્વભૂની માહિતી આપવી.

### Please send information about young Achivers

Prakash Samiksha has decided to bring out the unknown personalities and youngsters of the community.

Please email details of such personalities known to you to Shri Hirachand Dand below 50 years.

The detail must include information about inspirational Personality, Educational and Career background, the struggle the success story as well as family - social background.

ફોન : Phone - 022 66957138 ( office). ઈમેઈલ : Email - hirachanddand@gmail.com


।। શ્રી મોમાઈ માતાજી નમઃ ।।

## શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર (સાંયરા)

સહર્ષ જણાવવાનું કે શ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપાથી સાંયરા મધે
સંવત ૨૦૭૩ને ચૈત્ર સુદ ૧ (ગુડીપડવા)ને **મંગળવાર તા. ૨૮-૦૩-૨૦૧૭**ના શુભ દિવસે
શુભ મુહુર્તે **શ્રી મોમાઈ માતાજીની સમુહ પહેડી, ધ્વજા** તથા **ચંડીપાઠ** અને
ચૈત્ર સુદ ૨ ને **બુધવાર તા. ૨૯-૦૩-૨૦૧૭**ના રોજ **શ્રી ભૂઈમાની ગંધી બદલવાના**
કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

તો તે શુભ અવસરે સાંયરામાં નમતા સાંયરા તથા અન્ય ગામના ભાવિકોને સહપરિવાર એવમ
નિયાણી બહેનો દિકરીઓને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.
છેડા છેડી, ઝંડા તથા નામના જુહાર સમુહમાં કરવાનો લાભ લેવાનો અવસર જવા દેતા નહિ.
પધારનાર ભાગ્યશાળીઓને વિનંતી છે કે આપના રહેવાની સગવડતા સચવાય તે માટે
**અગાઉથી જાણ કરવા કૃપા કરશોજી.**

લિ. **ભૂઈમા (જયાબાઈ મોમાયા)** તથા **મોમાઈ માતાજી પરિવારના જય માતાજી**

**સંપર્ક :**

| | | | |
|---|---|---|---|
| | | શ્રી પંકજભાઈ મોમાયા | - 098201 43287 |
| શ્રી હિરાચંદભાઈ મોમાયા/પટેલ | - 098703 36826 | શ્રી ભદ્રેશભાઈ મોમાયા/પટેલ | - 098331 31359 |
| શ્રી શ્રેણીકભાઈ મોમાયા | - 093237 85320 | શ્રી દિનેશભાઈ મોમાયા/પટેલ | - 081411 49474 |

## આરોગ્ય પ્રકાશ : કબજીયાત

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

મળ જ્યારે કડક, સુકો એટલે દુઃખાવો સાથે થાય. ટોયલેટ કરવામાં તકલિફ થાય અને અઠવાડીયામાં ત્રણ થી ઓછી વખત ટોયલેટ જવું એટલે કબજીયાત થઈ કહેવાય. આંતરડાના હલનચલન મુશ્કેલ બની જાય અથવા સ્થિતિ સ્થાપકતા ઓછી થઈ જાય એટલે કબજીયાત થાય. દરેકને જીવનમાં ક્યારેક ને ક્યારેક આવો અનુભવ થાય પણ એ ગંભીર બિમારી નથી. કબજીયાતથી જ્યાં સુધી છુટકારો ન મળે એટલે કે આંતરડાનું હલનચલન બરાબર ન થાય ત્યાં સુધી ચેન નથી થતું. આંતરડાની આ હલનચલન – ખોરાકને પચાવી આગળ વધારવાની ક્રિયાનો સમય દરેકનો અલગ અલગ હોય છે. અમૂક ને દિવસમાં ત્રણ વખત ટૉયલેટ જવું પડે તા અમુક અઠવાડિયે ૩–૪ વખત જ જાય એવું પણ બને ત્રણ દિવસથી વધારે સમય ટોયલેટ ન થાય તો મળ કડક થવા લાગે અને તેથી જ ટોયલેટ કરવામાં તકલીફ થાય.

**લક્ષણ :** પેટ સાફ ન થવું. ટોયલેટ વખતે જોર કરવું, કડક અને ઓછા પ્રમાણમાં મળ આવવું, પેટ સાફ નથી થયું એમ લાગ્યા કરવું, પેટનું ફૂલાઈ જવું, પેટનું ભારી થવું, પેટમાં દુખવું, ઉલ્ટી થવી માથું દુખવું, એસીડીટી થવી. મો માં લાળ. પડવી, ભૂખ ઓછી થવી, ખાવાની ઈચ્છા ન થવી, શ્વાસમાં ખરાબ વાસ આવવી, ચહેરા પર ફોલ્લી થવી, બેચેની અને નિરાશા થવી.

**કારણો :** ઉંમર વધે તેમ પાચન ઓછું થાય, હલન ચલન ઘટે એટલે કબજીયાત થઈ શકે. ફાયબર રેષાવાળા પદાર્થ ઓછા લેવા, જંકફૂડ વધુ લેવા, જરૂરિયાત કરતાં ઓછું પાણી પીવું, બેઠાડુ જીવન, ડેઅરી પ્રોડક્ટસ્, ચીઝ (આ બન્ને માં ફાયબર બિલ્કુલ નથી હોતાં) અને પ્રોસેસ્ડ ખાદ્ય વધુ લેવા, અમુક તત્વ જેવાકે કેલ્શીયમ, આર્યન હોય તેવી દવાઓ લેવાથી, અવાર નવાર કડક જુલાબ હોવાથી, પેટના સ્નાયુઓની નબળાઈ, પાઈલ્સ (હરસ), તાણ ટેન્શન અને અમુક દવાઓ કબજીયાત કરે છે. સ્ત્રીઓ સવારના રસોડાના કામકાજને હિસાબે કાં ટોયલેટ જવાનું ટાળે, કાં ઉતાવળે જાય તેમજ સ્ત્રીઓને હોમોન્સની આંતરડા પર અસર થવાથી કબજીયાત થઈ શકે.

**રેષાવાળો ખોરાક :** એવા ખાદ્ય કે જેમાં રેષા હોય તે લેવાથી તેમાં રહેલ રેષા પચતા નથી એટલે જથ્થો વધારે થાય છે, રેષા લીધા હોય એટલે અન્ન સાથે ભળી આંતરડામાં જલ્દી આગળ વધે છે અને એ રીતે પેટ સાફ આવે છે. આ રેષાવાળા પદાર્થ ઓછા કે ન લેવાથી વિપરિત અસર થઈ કબજીયાત થાય છે.

**જંક ફૂડ વધુ લેવા :** જંક ફૂડમા રેષા ઓછા, પોષક તત્વો ઓછા, ચરબી અને સાકર વધુ હોય છે. ચરબી આંતરડાની ગતિને ધીમી પાડે છે. કેમકે આંતરડા ચરબીવાળા પદાર્થમાંથી પૂરતી કેલેરી શોષવા પ્રયત્ન કરે છે, એટલે ખોરાક ધીમે ધીમે આગળ વધે છે. સાથે રેષા ઓછા હોવાથી પણ કબજીયાત થાય છે.

**પાણી :** પાચન માટે પાણી ખૂબજ જરૂરી છે. પચેલા અન્નના શોષણ માટે પાણી જરૂરી છે. પાણી ઓછું પીવાય તો મળ સૂકાય અને કબજીયાત થાય. રોજ આઠેક ગ્લાસ પાણી પીવું જોઈએ. પાણી શરીર માટે પૂરતું લેવાય છે કે નહીં તે પેશાબના રંગ પરથી ખ્યાલ આવે. સફેદ કે સહેજ જ પીળાશ પડતો પેશાબ આવતો હોય તો પૂરતું પાણી પીવાય છે. એમ સમજી શકાય પેશાબનો રંગ વધુ પડતો (ડાર્ક) પીળો અને પેશાબનું પ્રમાણ ઓછું હોય તો સમજવું કે પાણી / પ્રવાહી વધુ લેવાની જરૂર છે. પાણીને બદલે શાકભાજી ફળના રસ, છાસ, સુપ, ઓસામણ વગેરે પણ ચાલે પણ કેલેરીનું પ્રમાણ અતિ વધે નહિ તેનું ધ્યાન રાખો. સુપ–જ્યુસ ગાળ્યા વગર લ્યો. કેફીનવાળા પ્રવાહી, ચા–કોફી ટાળવા. ડાયાબીટીઝવાળાઓ ફળોના રસ ન લેવા. વજન અતિ વધે નહિં તેનું ધ્યાન રાખો. ખાસ કરીને ઉનાળામાં યોગ્ય પ્રમાણમાં પાણી લ્યો.

**બેઠાડુ જીવન :** બેઠાડુ જીવન એટલે ચાલવા કે કસરત નો અભાવ, પથારીવશ સ્થિતિ. કસરતથી કબજીયાત કેવી રીતે દૂર થાય છે તે ચોક્કસ ખબર નથી પણ હળવી કસરત કે ચાલવાથી કબજીયાત દૂર થાય છે. ચાલશો તો આંતરડાનું પણ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

શિયાળુ એટલે આરોગ્ય પ્રાપ્તિની મોસમ પોષક ખોરાક લેવા તથા વ્યાયામની ઋતુ.

– ચીમન મોતા *તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

હલનચલન થશે. ચાલવાથી, કસરતથી સ્નાયુઓ મજબૂત થાય, ભૂખ લાગે, લોહીનું પરિભ્રમણ વ્યવસ્થિત થાય એટલે પાચન-શોષણ બરાબર થાય અને આ રીતે કબજીયાત દૂર થાય. જોરદાર કસરત કરવાની જરૂર નથી. સાદી કસરતથી પણ ચાલે.

**ડેઅરી પ્રોડેક્ટસ્ :** ડેઅરી પ્રોડક્ટસ્માં, ચીઝમાં, ફાયબર હોતા નથી. ચીઝ પચવામાં ભારે છે તેથી વધુ પ્રમાણમાં ડેઅરી પ્રોડક્ટસ, ચીઝ ખાવાથી કબજીયાત થાય.

**પ્રોસેસ્ડ ફૂડ :** પ્રોસેસ્ડ ફૂડ એટલે અન્ન પર પ્રક્રિયા. પ્રક્રિયાથી અન્નમાં ફાયબર નહિંવત હોય છે. તેથી તે કબજીયાત નું કારણ બને છે.

અમુક સપ્લીમેન્ટસ્ કે જેમાં આયર્ન, કેલ્શીયમ હોય તે લેવાથી પાચનનો અવરોધ થાય છે અને એટલે કબજીયાત થાય છે. આયર્ન, કેલ્શીયમવાળા સપ્લીમેન્ટસ્ લેનારાઓ સાથે વધુ ફાયબરવાળા ખાદ્ય લેવા જેથી ફાયબરને લીધે કબજીયાત ન થાય.

કવારનવાર, કડક જુલાબ લેવાથી આંતરડાનું હાલન-ચલન ધીરે ધીરે ઘટતું જાય છે અને જુલાબ લેવાની ટેવ પડી જાય છે. વધુ પડતા એનિમા પણ એવી જ અસર કરે છે.

પેટના સ્નાયુઓની નબળાઈ હોય તો જોર ન આપવાથી પેટ પુરું સાફ નથી થતું, કબજીયાત થાય છે. કસરત, ચાલવાથી, યોગ-આસન કરવાથી પેટના સ્નાયુ મજબૂત થશે.

પાઈલ્સની તકલીફ હોય તો ટોયલેટ કરતી વખતે દુઃખાવો થાય તેથી ટોયલેટ જવાનું ટાળવાનું થાય તેથી પણ કબજીયાત થાય. પાઈલ્સનો ઈલાજ કરવાથી કબજીયાત દૂર થશે. તાણ ટેન્શનથી બીજી આરોગ્યની સમસ્યા સાથે પાચન પર પણ અસર થાય છે અને કબજીયાત થાય છે. તાણ ટેન્શનનો ઈલાજ કરવાથી કબજીયાત દૂર થશે. સ્નાયુના સોજા કે દુઃખાવામાં અપાતી દવા (મસલ રીલેક્સ) જેવી અમુક દવાઓ લેવાથી પાચન - આંતરડાના હલનચલન ઓછા થાય એટલે કબજીયાત થાય. આવી દવાઓ લેવી પડે તો સાથે રેષાવાળા પદાર્થ લઈએ તો કબજીયાતથી બચી શકાય.

ઉપાય : (૧) એક ગ્લાસ હુફાળા પાણીમાં અડધો કે આખો લીંબુ નીચોવવું તેમાં એગ્માર્કવાળું કે સાદું મીઠું (હાઈ બી.પી. કે હાર્ટ પેશન્ટે મીઠું ન નાખવું) નાખી આ પ્રવાહી દિવસમાં બે થી ત્રણ વખત લેવાથી કબજીયાત મટે છે. લીંબુમાં રેષા હોય છે અને તે પાચનતંત્રને ઉત્તેજે છે. અહીં ધ્યાન રાખવું કે લીંબુ નો રસ દાંતના એનેમલને નુકસાન કરે છે તેથી પ્રવાહી દાંતને અડે નહીં તેમ ઉંચેથી ગટગટાવી જવું. પાણી હુંફાળુ જ લેવી ગરમાગરમ નહી.

(૨) દ્રાક્ષમાં તેવા રેષા હોય છે. દ્રાક્ષ રોજ ખાવાથી કબજીયાત દૂર થાય છે. દ્રાક્ષની સિઝન ન હોય તો સુકી દ્રાક્ષ (કિસમીસ)નો ઉપયોગ કરવો.

(૩) ૨-૩ બદામ અને સુકા અખરોટને પાણીમાં ૪-૫ કલાક ભીંજવો અને તેને ચાવીને ખાવ કે ગ્રાઈન્ડ કરીને ઉપયોગમાં લેવું.

(૪) ૬-૭ કાળી કીસમીસ પાણીમાં ભીંજવી તે ખાવ. કાળી કિસમિસ ત્વરિત અને પૂરેપૂરા આંતરડાનું હલનચલન કરે છે અને પેટ સાફ આવે છે.

(૫) એક કપ વરિયાળીને સૂકવી કે સેકીને એનો પાવડર બનાવી કાચની બોટલમાં રાખો. અડધી ચમચી હુંફાળા પાણી સાથે લ્યો. વરીયાળી પાચન-તંત્રના સ્નાયુઓને કાર્યરત બનાવે છે. અપચન, ગેસ, કબજીયાત દૂર કરે છે. ઈરીટેબલ બૉવેલ સીન્ડ્રોમ નામની બિમારીમાં ફાયદો કરે છે. બિમારી ધીરે ધીરે દૂર કરે છે.

(૬) એરંડિયુ નાના અને મોટા આંતરડાના સ્નાયુ, મજ્જાતંતુ અને કોષોને નુકશાન કરે છે. નાના બાળકોને અડધી ચમચીજ આપવું. સગર્ભા સ્ત્રી, બાળક ધાવતું હોય કે માસિક પિરિયડ આવ્યું હોય તેમણે ટાળવું.

(૭) અળસીમાં પુષ્કળ રેષા સાથે ઓમેગા-૩ ફેટીએસિડ, એન્ટીઓકિસડન્ટ વગેરે હોય છે. પેટ સાફ કરવાના ગુણ સાથે સાંધાની બિમારી. હૃદયની તકલીફમાં કાયદો કરે છે. ૧ વાટકી પાણીમાં ૩-૪ ચમચી અળસી ૩ કલાક ભીંજવી સાંજે કે રાત્રે લ્યો અથવા સહેજ સેકેલી ૪ ચમચી અળસી પાણી સાથે લ્યો જે પાચનતંત્ર માટે ઉપયોગી છે.


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) ● કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

(૮) પપૈયામાં રેષા, પાણી, વિટામીન એ, સી અને ઈ હોય છે. રોજ અડધું પપૈયું ખાવાથી કબજીયાત દૂર થાય છે. તેના બીજા પણ ઘણા ફાયદા છે.

(૯) કુમારપાઠું (એલોવેરા) પાચન અને આંતરડાનું હલનચલન સુધારે છે. એલોવેરાના ટુકડા પર કાપ મૂકી અંદરની જેલી કાઢી ૨ ચમચા જેટલી પાણી કે ફળના રસ સાથે રોજ સવારે ખાલી પેટે લ્યો.

(૧૦) ઈસબગુલ રેષાથી ભરપૂર હોય છે. પાણી સાથે ઈસબગુલ ૧ ચમચી લેવાથી કબજીયાત દૂર થાય છે.

(૧૧) પેર, સફરજન, ભીંડામાં રેષા હોવાથી કબજીયાત મટાડે સાથે બીજા ફાયદા પણ મળે.

(૧૨) પશ્ચિમો તાડાસન નિયમિત કરવાથી આંતરડાના છેવટના ભાગમાં જમા થયેલ મળ આગળ વધશે અને સ્નાયુ મજબૂત થવાથી કબજીયાત દૂર થશે.

રોજ ગરમાગરમ ખાઓ. પુરતું પાણી પીઓ. રેષાવાળા પદાર્થ વધુ લ્યો. જંકફૂડ, તળેલા, વધુ સાકર-મીઠું અને ઘીથી લથપથ પદાર્થ ટાળો. બની શકે તો અડધી થાળી ફળ-શાકભાજી અને અડધી થાળી અન્ન થાય તે મુજબ જમો. લીંબુનો જમણમાં ઉપયોગ કરો. દહીં છાસ નિયમિત લ્યો.

ચાલવાનું, યોગાસન, કસરત, નિમિત કરો. કુદરતી હાજતને ટાળો નહિ.

બહારના પીઝા જેવા ખાદ્ય ટાળો. પીઝા ખાવાનું મન થાય તો બહારથી પીઝા નો રોટલો ઘરે લાવી તેના પર ખૂબ બધા શાકભાજી પાથરી પછી ખાવ.

મોટા આંતરડાનું કેન્સર હોય તેને પણ કબજીયાત થાય તેથી કબજીયાતથી બચવાના ઉપાય કરવા છતાં કબજીયાત વધુ દિવસ ચાલે અને વજન ઘટે, અશક્તિ જેવા લક્ષણો હોય અને કેન્સરની શક્યતા હોય તો તરત જ ચેકિંગ કરાવવું.

અઠવાડિયાથી વધુ કબજીયાત ચાલુ રહે, જીવનમાં પ્રથમવાર કબજીયાતની તકલીફ થાય, ખોરાક પુરતો લેવા છતાં વજન ઘટે, મળ કાળો આવે કે સુકુ લોહી આવે, હાજત વખતે વધુ દુઃખાવો થાય તો આ પરિસ્થિતિમાં ડૉક્ટરની સલાહ લ્યો.

કબજીયાત થી દૂર રહો અને બેચેની, પેટની તકલીફ અને બીજી બિમારીઓથી બચો.

---

**પાસ થયા અભિનંદન**

**કુ. હિરલ મધુસુદન નવીનચંદ દંડ**

છાદુરા – ધુલીયા

B.Sc. Human Development, કોલેજમાં પ્રથમ ક્રમાંક, L.L.B.

**નલીયા નાગડા ગોત્રના ભાવિકો જોગ :**

નલીયાના નાગડા માતાજીને નમતા ભાવિકોને મહોત્સવ દરમ્યાન તા. ૩૦/૧૨/૨૦૧૬ના જેને છોકરાઓના નામ નાખવા હોય અથવા છેડા છેડી છોડવી હોય તે સંપર્ક કરે.

**સરલાબેન લધુભાઈ નાગડા - 9969065106 / 022-27814494**



**વિરલ હિતેન્દ્ર નાગડા**

જન્મ – ઓગસ્ટ ૧૯૯૦

B.E. (ETRX)

Pinnacle Industrial Controls Pvt. Ltd.

Project Engineer

અંક નં. ૪૮ના બીજા પાને છપાયેલ જાહેર ખબરમાં જન્મતારીખ સુધારીને વાંચવી.

**ઝળહળતી સફળતા બદ્દલ અભિનંદન**

**હિતેન્દ્ર લક્ષ્મીચંદ નાગડા – 089763 85160 •**

**ઈ–મેલ : hiteshln@yahoo.co.in**

## શ્રી કચ્છ નલીયા નગરે સહિરક શતાબ્દી પંચાન્હિકા મહોત્સવ

મહોત્સવમાં પધારનારા યાત્રિકોનું રજિસ્ટ્રેશન પુર્ણ થઈ ગયું છે. છતાંય શક્ય હશે તો મહાજન સગવડ કરવાની કોશિશ જરૂર થી કરશે.

પંચાન્હિકા મહોત્સવની આમંત્રણ પત્રિકા કોઈપણ નલીયા ગામવાસીને નહી મળી હોય, તો નીચે જણાવેલ ફોન નંબર ઉપર સરનામું જણાવશો તો પત્રિકા મોકલી આપવામાં આવશે.

**સ્વયંસેવક બની મહોત્સવની શોભા વધારો**

સહિરક શતાબ્દી વર્ષ સહ ૧૭૫મી ધ્વજારોહણ પ્રસંગે નલીયા પધારનાર જે વ્યક્તિને 'સ્વયંસેવક (વોલીન્ટર – કાર્યકર)' બનવામાં રૂચિ હોય તથા જે કાર્યમાં રૂચિ ધરાવતા હોય તે જણાવે.

**સંપર્ક :**

**મયુર ગોવિંદજી દંડ :** મોબાઈલ/વોટ્સઅપ - 09820980776

**વિરેન્દ્ર ભવાનજી લોડાયા :** મોબાઈલ/વોટ્સઅપ - 09821073830

**આપના આગમનના અભિલાષી**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન** – નલીયા

**શેઠશ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ** – નલીયા

જય જય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી

## શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, વરાડીયા

### નોટીસ : વાર્ષિક સામાન્ય સભા

ટ્રસ્ટ/સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૮/૧/૨૦૧૭ ના બપોરે ૩.૦૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, કસ્તુરબા રોડ / વાલજી લધા રોડ જંક્સન, મુલુંડ (પ.), મુંબઈ-૮૦. મધે બોલવવામાં આવેલ છે. સર્વે વરાડીયાવાસી જ્ઞાતિજનોને સમયસર પધારવા વિનંતી છે.

**એજન્ડા કાર્યસૂચી :**

૧. ગત સભાની મીનીટ્સનું વાંચન ને બહાલી.
૨. વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના ઓડીટેડ હિસાબો તથા ઓડીટ રીપોર્ટની રજુઆત ને બહાલી.
૩. વર્ષ દરમ્યાન આવેલ એક ટ્રસ્ટીના રાજીનામાને બહાલી તથા ખાલી પડેલ બેઠક માટે નવા ટ્રસ્ટીની નિમણુંક ને બહાલી.
૪. પ્રમુખશ્રીની મંજરીથી અન્ય કાર્યવાહી.

**નોંધ :**

૧. ઓડીટેડ હીસાબો તા. ૨૪-૧૨-૨૦૧૬ થી તા. ૨૮-૧૨-૨૦૧૬ સુધી સાંજના ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન મુંબઈ કાર્યાલય (C/o. આશા દીપક ડાઘા, એ/૧૨૦૩, મહાવીર રેસીડન્સી, બાલ રાજેશ્વર મંદિર પાસે, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (પ.), મુંબઈ-૪૦૦ ૦૮૦) ખાતે ખુલ્લા રાખવામાં આવશે.
૨. કોરમના અભાવે મુલતવી રહેલ સભા એ જ દિવસે એજ સ્થળે અડધા કલાક પછી મળશે જેને કોરમની આવશ્યકતા નહીં રહે.
૩. એજન્ડાને લગતા અથવા શિવાયના સવાલો/ સૂચનો મીટીંગના દિવસથી ૫ (પાંચ) દિવસ અગાઉ લેખીતમાં મોકલી આપવા.
૪. સભા બાદ અલ્પાહારની વ્યવસ્થા છે.

**લી. શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ વતી**

**ચેતન શાંતિલાલ શાહ**
સેક્રેટરી

## શ્રી કચ્છ નલીયા નગરે સહિરક શતાબ્દી પંચાન્હિકા મહોત્સવ

શ્રી કચ્છ નલીયા નગરે શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયે સહિરક શતાબ્દી વર્ષ સહ ૧૭૫મી ધ્વજારોહણ પ્રસંગે પંચાન્હિકા મહોત્સવમાં પધારનારા યાત્રિકોની ટિકિટો મહાજન દ્વારા તા. ૨૩/૧૨/૨૦૧૬ શુક્રવાર રાત્રે ૧૨.૦૦ વાગ્યા પછીની એટલે તા. ૨૪/૧૨/૨૦૧૬ની ટ્રેન નં. **12959** - દાદર ભુજ એક્સપ્રેસમાં તથા તા. ૨૪/૧૨/૨૦૧૬ શનિવાર ટ્રેન નં. **19115** - સયાજી નગરી એક્સપ્રેસમાં કઢાવવામાં આવી છે.

નલીયા પધારનારા અન્ય યાત્રિકો જેમણે પોતાની રીતે ટિકિટો આ બન્ને ટ્રેનમાં કઢાવી છે તેમને નમ્ર વિનંતી તેઓએ પોતાની વિગત એટલે કે નામ તથા સીટ નંબર નીચે જણાવેલ નંબર પર જણાવી તા. ૧૫/૧૨/૨૦૧૬ સુધી રજીસ્ટ્રેશન કરાવશો જેથી યાત્રા દરમિયાન તેમના ભોજન આદિની વ્યવસ્થા કરવામાં મહાજનને સરળતા રહેશે.

ધ્યાન રહે કે ફક્ત જે વ્યક્તિઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હશે તેમની જ વ્યવસ્થા મહાજનના સ્વયંસેવકો (વોલીન્ટરો) મારફતે કરાવી શકાશે.

બાકી બીજી અન્ય કોઈ ટ્રેનોમાં તથા બીજા કોઈ દિવસે બીજી કોઈ રીતે આવનારાઓની ભોજન આદિની વ્યવસ્થા સ્વયંસેવકો (વોલીન્ટરો) દ્વારા કરાવવાનું મહાજન માટે શક્ય નથી.

**આપના સાથ અને સહકાર માટે ખૂબ ખૂબ આભાર**

**આપના સાથ અને સહકારની આશાસહ**

**-: સંપર્ક સૂત્ર :-**

**મયુર ગોવિંદજી દંડ :** મોબાઈલ/વોટ્સઅપ - **09820980776**
**વિરેન્દ્ર ભવાનજી લોડાયા :** મોબાઈલ/વોટ્સઅપ - **09821073830**

**આપના આગમનના અભિલાષી**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન** - નલીયા
**શેઠશ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ** - નલીયા

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

## સિંધુ નદીની સંસ્કૃતિ – કમલ ધનજી લોડાયા, કોઠારા- ચેન્નઈ

સિંધુ નદી સંસ્કૃતિના (Indus Velley Civilation) ત્રણ મોટા શહેરો છે. જાબમાં રાવી નદી પર પંરપ્પા, સિંધુ નદી પર મૂએંજોઢેરો (Mohenjodara) અને કચ્છના રણમાં ખદીર બેટ પર ધોળાવીરા. બીજા શહેરો પણ હોઈ શકે જ્યાં પુરાતત્વ વિભાગનું (Archacology Department ખોદકામ હજી ખાસ નથી થયું. દાખલા તરીકે હરિયાણામાં ઘગ્ગર નદી પર સ્થિત રાખીગઢી સૌથી મોટું શહેર નીકળશે એમ કહેવાય છે. બીજી ઘણી જગ્યાઓમાં આ સંસ્કૃતિના અવશેષો મળ્યા છે. કચ્છમાં જ રાપરથી નાના રણ બાજુ જતાં સુરકોટડા છે, અને અબડાસા તાલુકામાં નેત્રા ગામની નજીક ખીરસરા છે. પણ આ શહેર નથી ગણાતા. ગુજરાતમાં ઘણા સ્થળ છે જેમાં સાબરમતી નદી પરનું લોથલ પ્રસિદ્ધ છે.



આપણે ''શહેર'' શબ્દ તે જમાના પ્રમાણે વાપરીએ છીએ. મૂએજોઢેરો અને હરપ્પાનો વિસ્તાર ૧૫૦-૨૦૦ હેક્ટર છે, એટલે આશરે ૩૦ હજાર લોકોની વસ્તી હશે. ધોળાવીરાનો વિસ્તાર ૫૦-૧૦૦ હેક્ટર છે, આશરે ૧૫ હજાર લોકોની વસ્તી હશે. આ ત્રણેમાં હરપ્પા સૌથી જૂનો છે. મૂએંજોઢેરો અને ધોળાવીરાનું ઘણું ખરું બાંધકામ લગભગ સોએક વર્ષમાં થવું હોવું જોઇએ.

ઈસવી સન પૂર્વ ૨૬૦૦ની સાલમાં આ ત્રણે શહેરો પૂર્ણ વિકસેલા હતા. લગભગ ૬૦૦-૭૦૦ વર્ષ તેમની જાહોજલાલી હતી. ત્યારબાદ એક કે બે સદીમાં તેમનું પતન થયું, અને વસ્તી ઘણી ઓછી થઈ ગઈ. કદાચ થોડાક ગરીબ લોકો જ ત્યાં રહ્યા હશે અને પછી તો કોઈ પણ ન રહ્યું.

સિંધુ નદી સંસ્કૃતિના શહેરો ઈરાક કે ઈજીપ્ત કે ચીનની સંસ્કૃતિની જેમ નદીઓ પર વસેલા છે, ત્યાંની જમીન ફળદ્રુપ છે. પણ કચ્છમાં ધોળાવીરાની સ્થાપના શા માટે થઈ ? પહેલી વાત એ છે કે ત્યારે સિંધુ નદીનો પ્રવાહ જુદો હતો. આજ કરતાં વધુ પૂર્વ તરફ વળીને કચ્છના રણની ઉત્તરમાં સિંધુ અને નારા નદીનો સંગમ હતો. ત્યાંથી પશ્ચિમ તરફ વળતી કોરી ખાડીમાં (એટલે આજના લખપત પાસે) અરબી સમુદ્રને મળતી હતી. બીજી વાત એ કે કચ્છના રણ પર ત્યારે અરબી સમુદ્રનું પાણી હતું. એટલે કે ખદીર બેટ સાચે જ સમુદ્રમાં બેટ હતું અને આ બેટને એક કિનારે હતું ધોળાવીરા. પંજાબના હરપ્પાથી સિંધના મૂએંજોઢેરો સુધી, ત્યાંથી કચ્છના ધોળાવીરા સુધી અને ત્યાંથી સીધા અરબી સમુદ્ર પર નૌકા અને


|| શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમઃ ||

**શ્રી રાપરગઢ - નાની સિંધોડી જૈન સંઘ આયોજીત ૮ મું સ્નેહ મિલન**

**શુભ દિવસ : તા. ૧૧/૧૨/૨૦૧૬ રવિવાર**

સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સપરિવાર પધારવા સ્નેહભર્યું આમંત્રણ છે.

વિશેષ આકર્ષણ : સંગીતકાર જીગીશા રાંભીયા અને સાથી કલાકારો

**સ્નેહમિલનની રૂપરેખા**

| | |
|---|---|
| સમય | સાંજે ૩.૩૦ વાગ્યાથી રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી |
| સ્થળ | શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, ભાંડુપ, મુંબઈ |
| ભાવતા ભોજનીયા | સાંજે ૫.૩૦ વાગ્યાથી ચૌવિહાર સાથે |
| વિશેષ આમંત્રણ | બહાર ગામ વસતાં ગામવાસીઓને સમયસર ટીકીટની વ્યવસ્થા કરવા વિનંતી. |

**લાભાર્થી : માતુશ્રી સોનબાઈ વિશનજી નાગડા પરિવાર**

**સૌજન્ય : અ.સૌ. પ્રવિણાબેન હીરાચંદ નાગડા પરિવાર**

વહાણ વ્યવહાર ચાલતો હતો.

નારા નદી ક્યાંથી આવતી હશે ? આજના નકશામાં પંજાબની પાંચ નદીઓની દક્ષિણે ઘગ્ગર નદી જોવા મળે છે. તે રાજસ્થાનની રેતીમાં લુપ્ત થઈ જાય છે. પણ ત્યારે આ નદીમાં પંજાબની બીજી નદીઓ જેટલું જ પાણી હતું. એક શક્યતા છે કે આ ઘગ્ગર નદી જ આગળ જઈને નારા નદી બની જતી હશે. એટલે સિંધુ નદી સંસ્કૃતિમાં એક બીજી નદીનો પણ સમાવેશ થાય છે.

ઈસવી સન પૂર્વ ૨૦૦૦ની સાલથી પછીના ૫૦૦ વર્ષ દરમ્યાન વરસાદ ઓછો થતો જાય છે. નારા નદીમાં પાણી ઓછું થતું જાય છે. આ જ સમય દરમ્યાન સિંધુ નદીનો પ્રવાહ પણ પશ્ચિમ તરફ બદલે છે. ઈ.પૂ. ૩૦૦માં જ્યારે સિંકદર અહીં આવ્યો ત્યારે સિંધુ નદી પશ્ચિમ તરફ વળી ગઈ હતી. સિંધુ નદી ગઈ અને નારા નદીનું પાણી આવવું બંધ થયું ત્યારે અરબી સમુદ્રનું પાણી પણ ચાલ્યું ગયું, અને કચ્છ અને સિંધની વચ્ચે રણ ઉભો થયો. ઘણા વિજ્ઞાનીઓ માને છે કે આને કારણે જ સિંધુ નદી સંસ્કૃતિનો અંત આવ્યો. એના લોકો પંજાબ અથવા ગુજરાત જતા રહ્યા.

ઉત્તરના શહેરો કરતા ધોળાવીરામાં પાણીના બચાવની વધુ નિશાનીઓ છે. શહેરની બહાર એક નાની નદી પર બંધ બનાવેલો છે, ત્યાંથી પાણી એક તળાવમાં લાવવામાં આવે છે. એ તળાવથી થોડીક નીચે એક બીજો તળાવ છે, પછી ત્રીજો... આમ એક જળાશળ તૈયાર કરવામાં આવેલું છે. એટલે કે વરસાદના પાણીની ખેંચ શહેર સ્થાપિત થયું ત્યારથી જ પડવા લાગી.

ધોળાવીરાના કોટની દિવાલો બંધાઈ એની ૨૦૦ વર્ષ પછી કોઈ ગંજાવર ધરતીકંપની તીરાડો જોવા મળે છે. કદાચ આ ધરતીકંપ એટલો મોટો હતું કે સિંધુ નદીના પ્રવાહ પર એની અસર થઈ હોય એમ આપણે કલ્પના કરી શકીએ.

સિંધુ નદી સંસ્કૃતિમાં ત્યારની બેનમૂન કારીગરી જોવા મળે છે. વિશેષ પ્રકારના જાર, કટોરી, વાટકી, ઘડાનું માટીકામ (Pottery), સોના, નીલમણિ, ગોમેદ (Carnelian) , અકીક (agate), અભરખ, લાખ, હાથી દંત, શંખથી બનાવેલ મણકા (beads), માળાઓ, વીટીઓ, બંગાળીઓ વગેરે નાનું ઝવેરાત. ધોળાવીરામાં વધારે છે.

અબડાસા તાલુકાના ખીરસરા ગામમાં ખોદકામ ચાલી રહ્યું છે ત્યાં તો જાણે કારીગરીનું કારખાનું જ મળ્યું છે. કારીગરોની કામ કરવાની જગ્યા છે, તે બહાર જાય તો કામ અંદર મૂકી જવાની જગ્યા છે, બહાર ચોકીદારો માટે જગ્યા છે, થોડીક દૂરે કારીગરોને રહેવાની જગ્યા છે. કારખાનોને ફરતી જાડી દિવાલો છે. કારખાનાની અંદર બનાવેલ કારીગરીના ઢગલાના ઢગલા મૂકેલ છે. ખીરસરા પાસે ખારી નદી છે જ્યાંથી કચ્છના અખાતમાં જઈ શકાય અને ત્યાંથી સીધા અરબી સમુદ્રમાં.

ઇ.પૂ. ૨૨૦૦ માં ઈરાકના ત્યારના શહેર ઉરૂકના રાજા સારગોન કહે છે, મારા વહાણે દિલમુન જાય છે, મગન જાય છે, મેલુહા (કે મેલુખ્ખા) જાય છે. દિલમુનને આજે આપણે બહરીન (Baharin) તરીકે ઓળખીએ છીએ. મગનને આજે આપણે ઓમાન (Oman) તરીકે ઓળખીએ છીએ મેલુહા એટલે સિંધુ નદી સંસ્કૃતિ. ત્યાંની બનાવેલી કારીગરી આ ત્રણે દેશોના અવશેષોના ખોદકામમાં મળી છે. ઈરાકમાં બનાવેલી તાંબાની કુહાડી (copper axe) મૂએંજોઢેરો અને ધોળાવીરામાં મળી છે.

કચ્છનું મહત્ત્વ શું હતું ? એની પૂર્વે અરાવલી પર્વતમાળા હતી જ્યાં અકીક (agate), ગોમેદ (Carnelian), જેવા ખનીજ મળતા હતા. કારીગરી અહીંના લોકોની લોહીમાં હતી. મૂએજોઢેરોમાં આવું કામ ઘરની અંદર કરવામાં આવતું, એટલે કે કોઈ પરિવારના સભ્યો કારીગર હતા. કચ્છમાં આ કામ એટલું પ્રચલિત હતું કે તેને માટે કારખાના હતા, જ્યાં ૪૦-૫૦ જણ કામ કરતા. શું આ બધુ કામ ધોળાવીરા જતું ? ધોળાવીરાની કચ્છ પર હકૂમત હશે ? કદાચ ત્યાંથી વેપાર થતો હોય, ઉત્તર તરફ સિંધુ અને નારા નદીને માર્ગે, પશ્ચિમ તરફ અરબી સમુદ્રને માર્ગે.

શું હરપ્પા, મૂએંજોઢેરો, ધોળાવીરા એક શહેનશાહ નીચે હતા ? કે દરેક શહેર જુદા રાજ્યની રાજધાની હતી ? શું ત્યાંના લોકો એક ધર્મને માનતા હતા ? કઈ જાતના હતા ? કઈ ભાષા બોલતા હતા ? આ પ્રશ્નોના આપણી પાસે જવાબ નથી.

પણ જે પ્રશ્નોના જવાબ આપણી પાસે છે તેને ધ્યાન આપીએ. ત્રણે જગ્યાએ ખેડુતો હતા, અનાજ હતો (ધોળાવીરામાં બાજરી વધુ), લાકડાનું કામ હતું, સુક્ષ્મ ઝવેરાતના કારીગરો હતા, વેપાર હતો, નૌકા અને વહાણ હતા, બળદગાડી હતી (ધોળાવીરામાં ભેંસ પણ). ત્રણે જગ્યાએ ઘરની અને શહેરની દિવાલો બનાવવામાં વપરાતી ઈંટ સરખા માપની હતી, ઈંટને જોડવાની ટેકનીક સરખી હતી. એટલે જ ત્રણે માટે આપણે એક નામ વાપરીએ છીએ : સિંધુ નદીની સંસ્કૃતિ


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી /ટેસ્ટેડ જરીની સીડીઓ - ચણીયા ચોલી
- ઘરચોળાની બોર્ડરો - ભારે પાનેતર
- પારસી હાથ અને મશીનની ૩૦૦ રેડી સાડીઓ
- તૈયાર તેમજ ઓર્ડરથી પણ

સોમવારે બંધ

## અલગાર્વ : સમુદ્ર, સર્ફિંગ, સ્પા અને સૂરજ – પાના ૨૮થી ચાલુ

ફારોથી અગિયારેક કિલોમીટર દૂર આવેલા એસ્ટોઈમાં આવી ટાઈલ્સ વાપરીને મહેલ બનાવવામાં આવ્યા છે. એની ખબર પડતાં અમે તે જોવા ગયાં. મહેલનું રૂપાંતર હવે હોટલમાં થઈ ગયું છે છતાં દીવાલોમાં બ્લુ રંગની આઝુલેજોસ ટોઈલ્સ છુટ્ટે હાથે વાપરીને નિર્મિત કરાયેલી મનોહરિતાનાં દર્શન કરવા તો મળ્યાં જ.

અમે મોટર ભાડે લીધી હતી તેથી અલગાર્વ જોવામાં આસાની હતી. બીજા દિવસે અમે અલ્બુફેરા જવાનો નિશ્ચર્ય કર્યો. માર્ગમાં આવતા સંતરાં અને દ્રાક્ષના બગીચાઓ તથા શાકભાજીની વાડીઓ માર્ગને અતી રમણીય બનાવે છે.

અલ્બુફેરા અલ્ગાર્વમાં વચમાં પડે છે અને એક જમાનામાં એ માછીમારોનું નાનકડું ગામ હતું. પ્રસિદ્ધ બ્રિટિશ પોપ સિંગર ક્લિફ રિચર્ડે અહીં ઘર લીધું અને આ ગામના અસ્તિત્વની નોંધ લેવાવાનું શરૂ થયું. આજે તો અલ્બુફેરા પ્રવાસીઓ અને ખાસ કરીને બ્રિટિશ પ્રવાસીઓનું રજા ગાળવાનું માનીતું સ્થળ છે.

અમે આ પ્રવાસમાં હોટલનું આગોતરું બુકિંગ નહોતું કરાવ્યું તેથી અલ્બુફેરા પહોંચીને પહેલાં હોટેલ શોધી. ત્યાં પંચતારકથી માડીને દરેક પ્રકારની હોટેલની સગવડ છે. અમે અમને અનુકૂળ લાગી તે પસંદ કરી લીધી.

પછી તરત મુખ્ય ચોકમાં ગયાં જે અલ્બુફેરાનું હાર્દ છે. રેસ્ટોરાં, દુકાનો, બાર ઉપરાંત પર્યટકોને સેવા આપતા આ ગામમાં ડિસ્કો પણ છે અમે સર ક્લિફ રિચર્ડના નામની એક ગલી જોઈ. તેમના ઘર વિશે પૂછપરછ કરતાં ખબર પડી કે એમનું નવું આલિશાન ઘર હવે બીજા ગામમાં છે.

ચોકમાંથી જ દરિયાકાંઠે જવાનો રસ્તો નીકળે છે. દરિયો, ગામની મરીના અને એની આજુબાજુનો વિસ્તાર પચરંગી છે. ત્યાં નવા બંધાયેલા રંગબેરંગી મકાનો આવેલાં છે. અહીંથી ડોલ્ફિન જોવા કે દરિયાઈ સફર માણવા માટે ક્રૂઝ કંપનીઓ સગવડ પૂરી પાડે છે. સ્વાભાવિક રીતે જ અહીં તાજી માછલી અને સ્વાદિષ્ટ સી ફુડ મળે છે પણ અમારા માટે એ બન્ને નકામા હતાં. અમે અહીંની બદામ અને અંજીરની કેક વણખાય છે તેનો આસ્વાદ લીધો.

ત્યારબાદ વારો હતો લાગોસનો આ સ્થળને ભરપૂર કુદરતી ઐશ્વર્ય પ્રાપ્ત છે. એના ખડકોં અને ખડકોની ઓથે આવેલું નીલ-હરિત પાણી જોનારનો શ્વાસ થંભાવી દે તેવાં દુન્યવી લાગે છે. એના દરિયાકિનારા પર્યટકોને આકર્ષે છે તો લાગોસનો ઈતિહાસ એના મ્યુઝિયમોમાં જળવાયેલો છે. લાગોસમાં નાઈટલાઈફ છે, ટૂંકમાં, પર્યટકોની દરેક માગણીઓ લાગોસ સંતોષી શકે છે.

અમે સેન્ટ એન્થનીનું ચર્ચ જે ગોલ્ડ ચર્ચના નામે વધુ ઓળખાય છે, જોવા ગયાં. ત્રણ યુરોના પ્રવેશ શુલ્કમાં ચર્ચની સાથે મ્યુઝિયમમાં પણ જવા મળતું હતું. ચર્ચનું બરોક શૈલીનું સ્થાપત્ય અને ઉત્કૃષ્ટ કારીગીરી અવિસ્મરણીય છે. મ્યુઝિયમમાં દરેક દેશના સિક્કા મૂકવામાં આવ્યા છે જેમાં અમને રસ પડ્યો.

લાગોસની મચ્છીમાર્કેટ પાછલીઓની વિવિધતા માટે વખણાય છે પણ અમને રસ નહોતો. માર્કેટથી થોડે દૂર એક જમાનામાં યુરોપની ગુલામોની પહેલી બજાર શરૂ થઈ હતી. આજે ત્યાં કોઈ બજાર નથી પણ અમાનવીય નિર્દયતાના ઓળા અમારી આંખો સમક્ષ તાજા થયા.

યુરોપની ટોચ તરીકે ઓળખાતું સગ્રેસ જાણીતું છે. ત્યાં હાઈકિંગ માટે પગદંડીઓ પણ છે. અગ્રેસ યુરોલની ભૂમિની નૈઋત્ય દિશામાં આવેલી મહત્તમ ટોચ છે,એક જમાનામાં લોકો એને દુનિયાનો છેડો માનતા. અમે ખડક પર આવેલી એ ટોચ પર ગયાં જ્યાં માત્ર એક દીવાલવાળો કિલ્લો છે. ખડકની દુર્ગમતાને લીધે બાકીની ત્રણ દીવાલો ચણવાની જરૂર નહોતી રહી. ખડકનો પચાસેક મીટર જેટલો લાંબો ટુકડો જાણે દરિયામાં પડતો હોય તેવું નાટ્યાત્મક દશ્ય સર્જે છે. ત્યાંથી દેખાતું દશ્ય અદ્ભુત હતું. યુરોપની નૈઋત્ય ટોચ પર ઉભાં છીએ એવો કોઈક વિક્રમ નોંધાવ્યા સરખો ભાવ મનમાં આવ્યો. ઉપર અનંત આકાશ અને નીચે અફાટ સમુદ્ર વચ્ચે યુરોપના નૈઋત્ય છેડા એવા એ ખડક પર ઊભા રહીને, ખડક સાથે અફળાતાં મોજાંઓનો ડરામણો અવાજ સાંભળતાં અને ભયંકર વેગથી ધસતા પવન સામે ટક્કર ઝીલતાં અમને પણ લાગ્યું કે દુનિયાનો છેડો આવો જ હોઈ શકે.

- પોર્ટુગલની રાજધાન લિસ્બન સુધી પ્લેનમાં જઈને અલગાર્વ બસ અથવા ટ્રેનમાં જઈ શકાય છે.
- ફારો એરપોર્ટથી દર અડધાની પોણા કલાકે ફારો ગામમાં જવા બસ ઊપડે છે. ફારોની આજુબાજુનાં ગામોમાં ફરવા મટે ટ્રેન કે બસની બહુ સારી સગવડ છે અને અંતર પણ ઝાઝું નથી. લાગોસ ટ્રેનથી પહોંચતાં દોઢ જ કલાક લાગે છે મુકામ ફારોમાં રાખી અલગાર્વનાં બીજાં ગામો જોઈ શકાય છે.
- પોર્ટુગલ બીજા યુરોપિયન દેશાની સરખામણીમાં સસ્તું છે. અલગાર્વ પ્રમાણમાં ઓછા બજેટમાં ફરી શકાય છે.

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા :**
**વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**

# વાત એક બસ સ્ટૉપની

**- મહેશ યાજ્ઞિક**



'સાહેબ, કેટલા વાગ્યા?' બાજુમાં ઊભેલા મજૂર જેવા માણસે પૂછ્યું. એના જવાબમાં કાંડા ઘડિયાળ સામે નજર કર્યા વગર અવિનાશે જવાબ આપ્યો. 'છ ને દસ...' પચાસ વર્ષના અવિનાશે ગયા વર્ષે હાર્ટમાં તકલીફ થઈ હતી અને માઈલ્ડ એટેક આવી ચૂક્યો હતો. એ પછી ડૉક્ટરની અને પત્નીની સલાહ સ્વીકારીને એણે સ્કૂટર ચલાવવાનું બંધ કર્યું હતું. છ વાગ્યે ઑફિસ છૂટે કે તરત સીધો આવીને એ આ બસસ્ટોપના બાંકડા ઉપર બેસી જતો હતો. બાંકડા ઉપર એના સિવાય ખાસ કોઈ બેસતું નહીં. ઊભા રહેવાથી જાણે બસ વહેલી આવી જવાની હોય એમ લોકો ઊભા રહીને પ્રતીક્ષા કરતા. અવિનાશની બસ લગભગ પોણા સાત-સાતની વચ્ચે આવતી હતી. એટલે એ આરામથી બેસીને કોઈક મેગેઝિન વાંચતો. પાસે મેગેઝિન ન હોય ત્યારે ઊભેલા બધા લોકોનું નિરિક્ષણ કરતો. છેક બોપલ સુધી જવાનું હોવાથી ઓફિસમાંથી નીકળતી વખતે ઠંડા પાણીની બોટલ એ ભરી લેતો. આ રીતે બેસીને રસ્તા ઉપરનો ટ્રાફિક અને અવનવા લોકોના નિરિક્ષણમાં મજા આવતી હતી.

છેલ્લા ચારેક દિવસથી એક નવી ઘટના એ જોતો હતો. એ બસસ્ટોપ ઉપર આવે એ અગાઉ અઢાર-વીસ વર્ષની એક કોલેજિયન જેવી છોકરી બાંકડા ઉપર આવીને બેસી જતી હતી. લગભગ છ ને વીસ મિનિટે એની બસ આવે ત્યાં સુધી એ અભ્યાસનું પુસ્તક કે ફુલસ્કેપ નોટબુક વાંચતી હતી. પીઠ પાછળ રહે એવા થેલામાંથી ત્રણ-ચાર નોટબુકો એણે બાજુ પર મૂકી હતી. હાથમાં ઈકોનોમિક્સનું પુસ્તક પકડીને એ એકાગ્રતાથી વાંચતી હતી. આજુબાજુ ઊભેલા માણસો અને રોડ ઉપરના ટ્રાફિકથી તદ્દન અલિપ્ત બનીને એ પોતાના અભ્યાસમાં પરોવાઈ રહેતી હતી. બાંકડાના બીજા છેડે બેસીને અવિનાશ એનું નિરીક્ષણ કરી રહ્યો હતો.

અચાનક બસ આવી એટલે એ છોકરી ચમકીને ઊભી થઈ ગઈ. એના ચહેરા પર રઘવાટ હતો. થેલામાં પુસ્તકો અને નોટબુકો ભરતી વખતે પણ એની નજર બસ સામે હતી. 'પ્લીઝ...' એણે કંડક્ટર સામે જોઈને બૂમ પાડી. બસ ચાલુ થઈ ગઈ હતી. દોડીને થેલો પકડીને ચાલુ બસે લટકી ગઈ. એ છોકરી રઘવાટ અને ઉતાવળમાં એક ચોપડી બાંકડા ઉપર ભૂલી ગઈ હતી. કાલે એ બિચારી આવશે, ત્યારે આપી દઈશ, એમ વિચારીને અવિનાશે એ નોટબૂક પોતાના થેલામાં મૂકી.

દીકરી પરણીને સાસરે હતી અને દીકરો અમેરિકામાં ભણતો હતો એટલે ફ્લેટમાં અવિનાશ અને ઈલા એકલાં હતાં. ઘરે પહોંચીને અવિનાશે જિજ્ઞાસાવશ એ નોટબૂકના પાનાં ફેરવ્યા. પહેલા પાનાં ઉપર કલાત્મક રીતે એ છોકરીએ એનું નામ લખ્યું હતું. ભૂમિકા... બસ, એ સિવાય કશું નહીં. ટી.વાય.બી.કૉમ.માં ભણતી હતી અને મોતીના દાણા જેવા અક્ષરે અર્થશાસ્ત્ર વિષયના સવાલ-જવાબથી આખી નોટબુક ભરેલી હતી. બીજા દિવસે એ બસસ્ટૉપ પર પહોંચ્યો ત્યારે એ છોકરી-ભૂમિકા એની રાહ જોઈને જ ઊભી હતી. 'અંકલ, મારી એક નોટ જડી છે?' ચિંતાતુર અવાજે એણે પૂછ્યું. અવિનાશે થેલામાંથી એ નોટબુક કાઢીને એના હાથમાં આપી. 'થેંક્યુ અંકલ....' એણે આભારવશ

*આ પર્વત ગમે છે, ઝરણ પણ ગમે છે,*
*આ આકાશ-ધરતીના કણકણ ગમે છે.*

નજરે અવિનાશ સામે જોયું. અત્યારે એ તદ્દન નજીક ઊભી હતી, એટલે અવિનાશે ધ્યાનથી એના ચહેરા સામે જોયું. ગોરી પણ સાવ ફિક્કી ત્વચા, ચહેરા પર આછી ઉદાસી અને તણાવ. પારદર્શક, નિખાલસ આંખોમાં ઉદાસી હતી અને આંખોની આસપાસ કાળા કૂંડાળાની શરૂઆત થઈ ગઈ હતી.

અવિનાશ એનું નિરીક્ષણ કરી રહ્યો છે એનાથી એ સાવ બેખબર હતી. હાથમાં ચોપડો પકડીને ધીમે ધીમે કાળજીપૂર્વક એ એક એક પાનું ફેરવી રહી હતી. પૂરેપૂરી તલ્લીનતાથી શ્વાસ રોકીને એકાગ્રતાથી બધાં પાનાં ચકાસી રહી હતી. એ પછી એના ચહેરાનો રંગ ઊડી ગયો. આંખો પહોળી કરીને એ સાશંક નજરે અવિનાશ સામે તાકી રહી. ‘અંકલ, પ્લીઝ, આ ચોપડીમાંથી તમને કંઈ મળેલું ?’ ધ્રૂજતા અવાજે જાણે કરગરતી હોય એમ એણે ફરીથી પૂછ્યું. ‘અંકલ, સાચું કહેજો. આમાંથી કંઈ જડ્યું છે તમને ?’

અવિનાશ આશ્ચર્યથી એની સામે તાકી રહ્યો. એ છોકરી જે રીતે અવિશ્વાસથી પૂછી રહી હતી એ જોઈને એ સ્તબ્ધ બની ગયો. આ તો સાવ બલા, પકડ ગલા જેવો ઘાટ થયો. ‘નહીં તો ?’ એણે લગીર સખ્તાઈથી સામો સવાલ પૂછીને પછી એ છોકરીના માસુમ ચહેરા સામે જોઈને સમજાવ્યું. ‘જો બેટા, બસ પકડવાની ઉતાળવમાં તું આ નોટ ભૂલી ગઈ. મેં એને ઉઠાવીને મારા થેલામાં મૂકી. એમાંથી કંઈ આડું-અવળું નથી થયું એ મારી ગેરંટી...’ સહેજ અટકીને એણે ઉમેર્યું. ‘તારી નોટમાંથી કોઈ કાગળ કાઢવાની મારે શું જરૂર ?’ ચિંતાતુર ચહેરે ભૂમિકા હજુ અવિશ્વાસથી એની સામે તાકી રહી હતી જાણે હમણાં જ રડી પડશે એવો ગભરૂ ચહેરો જોઈને અવિનાશે સહાનુભૂતિથી પૂછ્યું. ‘શું હતું અંદર ? કોઈ અગત્યનો કાગળ હતો ?’

‘કાગળ નહોતો... ’ આટલું કહીને એ અટકી. આગળ કંઈ બોલવું કે નહીં એની દ્વિધા એના નમણા ચહેરા ઉપર તરવરતી હતી. સામે ઊભેલા અવિનાશના ચહેરા ઉપર ઝળહળતી નિખાલસતા અને ખાનદાની પારખીને એને વિશ્વાસ બેઠો. ‘હજાર રૂપિયાની કડકડતી નોટ હતી. કોલેજ જવા નીકળતી હતી, એ જ વખતે મમ્મીએ એની દવા લાવવાનું યાદ કરાવ્યું અને હજાર રૂપિયાની નોટ આપી. ઉતાવળમાં મેં મૂર્ખામી કરી. પૈસા પર્સમાં મૂકવા જોઈએ. એને બદલે એ વખતે આ નોટ વાંચતી હતી એમાં જ મૂકી દીધી....’

‘આ નોટમાં જ એ હજારની નોટ મૂકી હતી એની ખાતરી છે ?’ પોતાના નિરીક્ષણના આધારે અવિનાશે કહ્યું.

‘તારી બધી નોટબૂક દેખવામાં એકસરખી છે. શક્ય છે કે ઉતાવળમાં તેં કોઈ બીજી નોટમાં મૂકી દીધી હોય અને તું આમાં શોધતી હોય... વિચારી જો...’

‘અંકલ, કાલથી કોલેજની પરીક્ષા છે. પહેલું પેપર ઈકોનોમિક્સનું છે અને હું એ વાંચતી હતી એ જ વખતે મમ્મીએ પૈસા આપેલા.... આઈ એમ શ્યોર...’ અવિનાશને હજુ ખાતરી નથી થઈ એવું ભૂમિકાને લાગ્યું એટલે એણે રડમસ અવાજે પોતાની પરિસ્થિતિ સમજાવી.

‘બાકીની બધી નોટના પાનાં બે-બે વાર ફેંદી નાખ્યા. છેલ્લી આશા આ નોટ ઉપર હતી પણ હવે તો એના ઉપર પણ પાણી ફરી વળ્યું...’

‘સૉરી બેટા...’ એ છોકરીના નિષ્પાપ ભોળા ચહેરા ઉપર જે ગભરાટ અને વેદના હતી એ જોઈને અવિનાશને દયા આવી ગઈ. એણે રસ્તો બતાવ્યો.

‘એક કામ કર. દવા લઈને જ ઘેર જવાનું હોય તો ચિંતા ના કરીશ. આગળ ચાર રસ્તે દવાની દુકાન છે ત્યાંથી અપાવી દઉં...’

‘દવા તો બસો ને એંસી રૂપિયાની જ આવે છે. બી.પી.ની દવા દર મહિને હું જ લાવી આપું છું....’ બીક અને ગભરાટથી એનો અવાજ ધ્રૂજતો હતો.

‘પણ બાકીના પૈસાનું શું ? જો પૈસા ખોવાયા છે એવી ખબર પડશે તો મમ્મી ચામડી ઉતરડી

*ખુદા, તુંય ઈચ્છે છે ખુદની ખુશામત,*
*તને પણ બધાનું સમર્પણ ગમે છે !*

નાખશે. ઝૂડી નાખશે મને! કાલથી મારી એક્ઝામ શરૂ થાય છે એ આખી એક્ઝામ બગડશે!'

'તું વધારે પડતી ચિંતા કરે છે. આટલી નાનકડી ભૂલ માટે કોઈ માતા પોતાની દીકરીને મારે નહીં...'

'તમે મારી મમ્મીને ઓળખતા નથી. એનો ત્રાસ વેઠીને કઈ રીતે એની સાથે રહું છું એની તમને ખબર નથી...' અવિનાશની સામે તાકીને એ ધ્રૂજતા અવાજે પોતાની પીડા ઠાલવતી હતી.

'કાચનો એક ગ્લાસ ફૂટી ગયો હોય તોય ગાલ ઉપર તમાચો પડે અને એ પછી ત્રણ દિવસ સુધી મારું લોહી પીધા કરે. દુશ્મનને પણ કોઈ ના આપે એવો માનસિક ત્રાસ આપે છે મને! સતત એકની એક વાત માથામાં હથોડા મારતી હોય એ રીતે સંભળાવ્યા કરે. મારી જગ્યાએ બીજી કોઈ છોકરી હોય તો આપઘાત કરીને મરી ગઈ હોય યા તો પાગલ થઈ ગઈ હોય... મને રિબાવીને એને આનંદ મળે છે....'

'સાવ આવું ના હોય બેટા....' અવિનાશે સમજાવ્યું. 'દીકરી સામે માને આવી દુશ્મનાવટ થોડી હોય?'

'તમને એનો પરિચય નથી એટલે તમે આવું બોલો છો અંકલ! અમદાવાદ તો એક મહિનાથી જ આવ્યા છીએ...' ભૂમિકાએ નિખાલસતાથી માહિતી આપી. એના નાનકડા હૈયામાં થીજેલો પીડાનો પર્વત અનાયાસે જાણે ઓગળી રહ્યો હતો.

'અગાઉ સુરત રહેતાં હતાં એ બેન્કની કોલોનીમાં જઈને પૂછો કે સંગીતાબહેનનો સ્વભાવ કેવો? કોઈને પણ પૂછશો તો એ તરત કહેશે કે બે હાથ ત્રીજુ મસ્તક જોડીને એમનાથી એક માઈલ દૂર રહેવું સારું! એમના પડછાયાથી પણ દૂર રહેવું!'

અવિનાશ હવે ધ્યાનથી સાંભળતો હતો. એ દુભાયેલી છોકરીના તંગ ચહેરા સામે જોઈને એણે હળવેથી પૂછ્યું. 'મમ્મી આટલું બધું લડે ત્યારે પપ્પા એમને કંઈ કહે નહીં? એ વચ્ચે પડીને તને બચાવે નહીં?'

'પપ્પા નથી... હું બે વર્ષની હતી ત્યારે જ....' ભૂમિકાના ભીના અવાજમાં ડૂસકું ભળ્યું.

'સુરતમાં કોલોનીવાળા કહે છે કે મારી મમ્મી એમને ભયાનક માનસિક ત્રાસ આપતી હતી. રોજ ઝઘડા કરતી હતી એમની સાથે. એ છોકરીની પાંપણ ઉપર આવીને અટકી ગયેલા અશ્રુબિંદુ સામે અવિનાશ તાકી રહ્યો. થેલામાંથી પાણીની બોટલ કાઢીને એણે ભૂમિકાના હાથમાં આપી. એકીશ્વાસે અડધી બોટલ ખાલી કરીને ભૂમિકા આભારવશ નજરે એની સામે તાકી રહી.

'પછી તો પપ્પાની જગ્યાએ એને રહેમરાહે નોકરી મળી ગઈ. એ પછી તો પાવર વધી ગયો એનો. પપ્પા જોડે એને કઈ દુશ્મનાવટ હતી એ હજુ નથી સમજાયું મને, પણ હવે પપ્પાના પ્રતિનિધિ તરીકે એ મારી ઉપર વેર વાળે છે. નાની નાની વાતે એવી રિબાવે કે ના પૂછો વાત! છંછેડાયેલી વાઘણની સાથે સસલું રહેતું હોય એ રીતે જીવું છું એની સાથે...'

'જો બેટા, મન ઉપર બહુ ભાર ના રાખવો.' અવિનાશે એના માથા ઉપર હાથ મૂક્યો અને ખિસ્સામાંથી પાકીટ કાઢ્યું. હજાર રૂપિયાની નોટ કાઢીને એણે ભૂમિકાના હાથમાં આપી. ભૂમિકા આશ્ચર્યથી તાકી રહી. બીજી જ સેકન્ડે એણે જોરથી માથું ધૂણાવીને ના પાડી. 'અંકલ, સૉરી.... મારાથી આ રીતે કોઈના પૈસા ના લેવાય.'

'અરે ગાંડી, તારી મા તને ઝાડશે અને તારી પરીક્ષા બગડશે. એવું ના થાય એટલે પ્રેમથી આપું છું. હવે ના ના પાડતી. હજાર રૂપિયામાં હું ગરીબ નથી થઈ જવાનો... પ્લીઝ, લઈ લે અને સાચવીને પર્સમાં મૂકી દે... પ્લીઝ...' ભૂમિકાનો ગોરો ચહેરો પરસેવે રેબઝેબ હતો. જોરથી માથું ધૂણાવીને ના પાડ્યા પછી એણે સ્ટેન્ડ ઉપર ઊભેલા લોકો સામે નજર કરી પછી અવિનાશ સામે બે હાથ જોડ્યા.

*હો પ્રત્યક્ષ સાથે કે યાદોના પરદે,*
*મને તું જે આપે તે ક્ષણક્ષણ ગમે છે.*
*- હિમાંશુ જોષી*

'અંકલ, પ્લીઝ, આગ્રહ ના કરો... બધા જોઈ રહ્યા છે. મારાથી આ રીતે પૈસા ન લેવાય. લમણે લખાઈ હશે એ પીડા હું ભોગવી લઈશ.' ધીમા અવાજે જાણે મનોમન બોલતી હોય એમ એ બબડી.

'હું પણ મૂરખ છું. કોણ જાણે શું થઈ ગયું કે આખી રામકહાણી તમને સંભળાવી દીધી... વગર વિચાર્યે એક અજાણ્યા વડીલને ઘરની વાત કહેવા બેઠી!'

'એમાં તારો કોઈ દોષ નથી બેટા...' અવિનાશે પ્રેમથી એના માથા ઉપર હાથ મૂક્યો.

'તેં કોઈ મૂર્ખામી નથી કરી. તેં કોઈ અજાણ્યા વડીલને ઘરની વાત નથી કહી, ઘરના વડીલને અજાણી વાત કહી છે!' આશ્ચર્યથી સ્તબ્ધ ભૂમિકા અવિનાશની સામે આંખો પહોળી કરીને તાકી રહી હતી. 'તારા પપ્પાનું નામ નીતિન મનસુખલાલ જોષી... ખરું?' અવિનાશ એ જાણે માનવામાં ના આવતું હોય એમ ભૂમિકા થીજી ગઈ હતી. એણે હળવેથી હકારમાં માથું હલાવ્યું. 'તારા પપ્પાનું નામ નીતિન મનસુખલાલ જોષી અને મારું નામ અવિનાશ મનસુખલાલ જોષી!....' બોલતી વખતે અવિનાશની આંખમાં ઝળઝળિયાં ધસી આવ્યાં હતાં.

'નીતિન, તારા પપ્પા મારાથી બે વર્ષ નાના. સાવ ભોળિયો અને ગભરૂ સ્વભાવ. પિક્ચરમાં કરૂણ સીન આવે ત્યારે આંખ ભીની થઈ જાય એવો લાગણીશીલ.... સંગીતા માટે એનું માગું આવ્યું ત્યારે અમે બધાએ ના પાડેલી. આખી જ્ઞાતિમાં સંગીતાના ફેમિલીની છાપ ઝઘડાળુ તરીકેની. વડીલ જાણકારોએ પણ કહ્યું કે નીતિનની જિંદગી બરબાદ થઈ જશે એવી છોકરી છે. એ છતાં એક જ મુલાકાતમાં સંગીતાએ નીતિનને પઢેલો પોપટ બનાવી દીધો. અમારા બધાની મરજી વિરુદ્ધ એણે જાતે સંગીતા સાથે લગ્ન કરી લીધા. અમે બે જ ભાઈઓ હતા. લગ્ન પછી તરત એ અને સંગીતા ઘેર આવ્યા. ઝઘડો કરીને એનો ભાગ લઈને છૂટો થઈ ગયો. મિલકત માટેનો ઝઘડો કરાવવામાં પણ સંગીતાનો જ દોરીસંચાર...' ભૂમિકા ભીની આંખે સાંભળતી હતી. અવિનાશ યાદ કરીને બોલતો હતો.

'હાથે કરીને પગ ઉપર કુહાડો માર્યો પછી એ પસ્તાતો હશે. સંગીતાનું અસલી રૂપ જોયા પછી એના ત્રાસથી મનમાં ને મનમાં રિબાતો હશે. અમારી સાથે એ રીતે ઝઘડો કરીને ગયો હતો કે અમારી પાસે આવતાં પગ નહીં ઉપડતો હોય. પારાવાર પીડાથી અંદર ને અંદર વલોવાતો હશે. એણે આપઘાત કર્યો એ પછી અમે સુરત આવીને તારે ત્યાં ત્રણ-ચાર કલાક રોકાયા હતા. બસ એ પછી અમે એ દિશામાં જોયું પણ નથી.'

અવિનાશે ભૂમિકાના માસુમ ચહેરા સામે જોયું. 'ત્રણ-ચાર દિવસથી તને જોતો હતો ત્યારે કોણ જાણે કેમ વારેઘડીએ તારી આંખો સામે જ મારી નજર અટકી જતી હતી. નીતિનની ગાય જેવી ભોળી આંખો જ તને વારસામાં મળી છે દીકરી! તું અમારું જ લોહી છે બેટા! અને એટલે જ મારી પાસે હૈયું ખોલવાનું ઈશ્વરે તને સૂઝાડ્યું.'

અવિનાશે વ્હાલથી બંને હાથ ભૂમિકાના માથા ઉપર મૂક્યા. 'હવે તો તારે કશું બોલવાનું નથી. અત્યારે આ હજાર રૂપિયા લઈને સાચવીને પર્સમાં મૂકી દે. આ મારું કાર્ડ પણ આપું છું. કંઈ પણ તકલીફ હોય કે મનમાં ભાર જેવું લાગે ત્યારે જરાયે સંકોચ વગર દોડીને અમારી પાસે આવી જવાનું. તારી મા સાથે અમારે કોઈ લેવાદેવા નથી પણ તું તો અમારું જ લોહી છે. અમારું ઘર એ તારું જ ઘર છે દીકરી! કાયમ માટે આવવું હોય તો પણ તારો અધિકાર છે અમારા આંગણે...'

પચાસ વર્ષનો પુરુષ ભીની આંખે બોલતો હતો. વીસ વર્ષની છોકરી રડતી રડતી સાંભળતી હતી. આ દ્દશ્ય જોઈને બસ સ્ટૉપ પર ઊભેલા બીજા માણસો આશ્ચર્યથી એમની સામે તાકી રહ્યા હતા.

* * *

*પૂર્ણ સંતોષી હું બેડો પાર લાગે છે,*
*એક બે છાંટાય મને મુશળધાર લાગે છે.*

# અર્ધાંગિની નહીં, પણ પૂર્ણાંગિની

– મનોજ જોશી

*(ચાણક્ય ફેઈમ ખ્યાતનામ અભિનેતા, સભ્ય - ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ, (ICCR) ન્યુ દિલ્હી)*

એક મિડલ કલાસ પરિવારમાં ધાર્મિક વાતાવરણમાં મારો ઉછેર થયો છે. અમે ૧૦X૧૦ ની ચાલમાં રહેતાં. પિતાજી શાસ્ત્રીજી એટલે કર્મકાંડ, જ્યોતિષ વગેરેનું કામ કરતા. તે સમયે હું નોકરી કરતો હતો, પણ મારા મનમાં અભિનય, કલાક્ષેત્રે પ્રવેશવાની પ્રબળ ખેવના હતી.

અનાયાસે એક લગ્ન સમારંભમાં મેં અને ચારુએ એકબીજાને જોયાં. મારા જીજાજી મારફત વાત આગળ વધી અને અમારું સગપણ નક્કી થયું. અમારા વેવિશાળ થયા. ચારુ ગોવાની છે. તેનાં પૂર્વજો છેલ્લાં ઘણાં વર્ષોથી ત્યાં સ્થાયી થયેલાં છે. વેવિશાળ અને લગ્ન વચ્ચે લગભગ અઢી વર્ષનો ગાળો હતો. આ સમય દરમિયાન અમે ઘણી વખત મળ્યા. એકબીજાની રૂચિ, અભિગમ વગેરે પર ઘણી ચર્ચા કરતા અમે.

ચારુને કલા તરફ રુચિ હતી. મેં મારી અભિનય ક્ષેત્રે પ્રવેશવાની રુચિ વિશે વાત કરી. આ સમયગાળામાં મેં તેને વાસ્તવિકતાથી વાકેફ કરી કે, જ્યારે મારું સ્વપ્ન પુરું કરવાનો સમય આવશે ત્યારે હું નોકરી પણ છોડી દઈશ. અત્યારે અમે ૧૦X૧૦ ની ચાલમાં રહીએ છીએ. ૧૦ રૂમ વચ્ચે એક કૉમન ટૉયલેટ અને એક કૉમન નળ છે. તેણે આ વાસ્તવિકતા સહજતાથી સ્વીકારી લીધી અને ૧૯૯૦ની ૧ માર્ચે અમારાં લગ્ન થયાં.

બરાબર આ સમયગાળા દરમિયાન જ મારા નાટક 'ચાણક્ય'ની મિટિંગ ચાલુ હતી. હું એટલો વ્યસ્ત હતો કે અમે હનીમૂન માટે ક્યાંય લાંબે ન જઈ શક્યાં. ફક્ત બે કે ત્રણ દિવસ માટે લોનાવાલાથી જ સંતોષ મનાવો પડ્યો. પણ ચારુની કોઈ જ ફરિયાદ ન હતી. અત્યારે ભલે અમે દેશ-વિદેશમાં ઘણે ફરી આવ્યાં છીએ, પણ મને આ વાતનો કાયમ રંજ રહ્યો છે કે ત્યારે હું હનીમૂન માટે ચારુને ક્યાંય લાંબે ન લઈ જઈ શક્યો.

અમારો સંસાર ખૂબ જ સરસ ચાલી રહ્યો હતો. ચારુના આગમનથી જીવન મહેકી ઊઠ્યું. તેના સ્વભાવમાં સરળતા અને નિર્દોષતા. પરિવાર પ્રત્યેની ફરજો નિભાવવા કાયમ તત્પર રહે. મારા મા-બાપ, પરિવારના સભ્યોની સારસંભાળ તે મનથી કરે. મારા સંઘર્ષના દિવસોમાં તેણે ટ્યુશનો કરીને પણ ઘર ચલાવવામાં મને મદદ કરી છે. તે મારી કરોડરજ્જુ છે એમ કહીશ તો કોઈ અતિશયોક્તિ નથી. ધીરે ધીરે અમારો પરિવાર વિસ્તર્યો. અમારાં બાળકોનાં ઉછેરમાં પણ તેનો જ મહત્ત્વનો ફાળો છે.



સાલ ૨૦૦૧માં 'દેવદાસ' વખતે મારા મગજમાં ગાંઠ (બ્રેઈન ક્લોટ) હોવાની ખબર પડી. મારા મોટા ભાઈને ગુજરી ગયે હજુ માંડ બે વર્ષ થયાં હતાં. આવા સમયે આ સમાચાર વજ્રાઘાત સમા હતા, પણ ચારુએ ધૈર્ય અને હિંમત દાખવી મારાં મા-બાપને જાણ પણ ન થવા દીધી. એમ જ કહ્યાં કર્યું કે બધું સારું છે. મને લીલાવતી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. ડૉક્ટરોએ મને 'ક્રિટિકલ' જાહેર કર્યો. પણ ચારુએ હિંમત ન હારી. મારું ઓપરેશન થયું. મને લગભગ ચાર પાંચ દિવસે ભાન આવ્યું. દૃષ્ટિ પણ ધૂંધળી થઈ ગઈ હતી. લગભગ વીસ દિવસે મેં જમીન પર પગ મૂક્યો. હું લગભગ દોઢ વર્ષ ખાટલામાં જ હતો.

આ સમયગાળામાં તેણે હિંમત રાખી ડર્યા વગર મને સંભાળ્યો. મારા પરિવાર, મારાં સંતાનો વગેરેને એકલે હાથે સંભાળ્યા. ખરું કહું તો આ મારો બીજો જન્મ છે. કદાચ ચારુના વિશ્વાસ અને તેની કાળજી વગર શક્ય ન બનત.

બીજા યુગલોની જેમ અમે પણ ઝઘડીએ છીએ. બેથી ત્રણ દિવસ અબોલા પણ રહે છે. અમે લગભગ

**(અનુસંધાન પાના નં. ૨૬ ઉપર)**

*જીતવામાં ક્યાં હવે કૈં સાર લાગે છે,*
*સાવ સાચો તર્ક પણ તકરાર લાગે છે.*

# સુખદુઃખની આ સંતાકૂકડી....

**- સુરેશ દલાલ**



આપણે બધા જ સુખદુઃખની સંતાકૂકડી રમીએ છીએ સાતતાળી તો બચપણની વાત. એ નિર્દોષ રમત હતી. પણ સુખનો સ્વભાવ હાથતાળી આપીને સરકી જવાનો. સંસારમાં કોઈ પણ માણસ સતત સંપૂર્ણપણે સુખી નથી, તેમ સંપૂર્ણપણે દુઃખી નથી. સુખદુઃખની આવનજાવન તો ચાલ્યા કરવાની. બધો આધાર મનની મોસમ પર છે. સુખ પણ જીરવતાં આવડવું જોઈએ અને દુઃખ પચાવવાની કળા આપણે શીખી લેવી જોઈએ.

મોટા ભાગના માણસો સુખમાં છકીને છાકટા થઈ જતા હોય છે. એ લોકો પોતાની ડંફાસમાંથી બહાર નથી આવતા. રૂપિયાનાં અશ્લીલ પ્રદર્શનો ભરીને પોતાના સુખની જાહેરાત કરતા હોય છે. શૉપિંગ, ફાઈવસ્ટાર હોટલમાં લંચ અને ડિનર, મોટા મોટા માણસના નામો, મરઘી ઈંડાં મૂકતી હોય એમ વાત વાતમાં બોલ્યા કરે, છાસવારે ઘરમાં કે બહાર પાર્ટીઓ યોજ્યા કરે અને વાણીવિલાસ કર્યા કરે. અમિતાભ બચ્ચન સાથે અમારે ઘર જેવું, ઐશ્વર્યા રાયને ફોન કરીએ એટલી જ વાર, અમારો શબ્દ કદી ઉથાપે નહીં. સચીન તેંડુલકર તો અમારે ત્યાં નાનપણથી ઊછર્યો અને લતા મંગેશકર તો અમારી બેસ્ટ વિશિસ લઈને રેકૉર્ડિંગમાં જાય. મોટા માણસોનાં નામ દઈ દઈને આપણને આંજવાનો પ્રયત્ન કરે. જેને આત્મવિશ્વાસ ન હોય એ લોકો બીજાના નામની ટેકણલાકડી લઈને ચાલતા હોય છે.

કેટલાક માણસોને દુઃખને બહેલાવવની ટેવ હોય છે. નાનું અમથું દુઃખ હોય પણ એને એન્લાર્જ કર્યા કરે. એ બજાવીને પોતાનાં દુઃખો ગાયા કરે. આવા માણસો સ્વભાવે લાઉડસ્પીકર જેવા હોય છે. ચોવીસે કલાક પોતાનો દુભાયેલો અને દુણાયેલો ચહેરો લઈને ફર્યા કરતા હોય છે. એમનો ચહેરો સૂતકી હોય છે. એમની આંગળી સૂજી જાય તો થાંભલા જેવી થઈ જાય, સહેજ કમર દુઃખે તો કહે કે કમરના ત્રણ ત્રણ કટકા થઈ ગયા. પગ દુઃખે તો કહે કે પગમાં કોઈએ પોલાદ ભર્યું હોય એટલું વજન છે. માથું દુઃખે તો કહે કે માથું ફાટફાટ થાય છે. આવા માણસ સહનશક્તિ ગુમાવી બેઠા છે.

એક શુભેચ્છકે મને ગઈ કાલે ઈમેલ મોકલ્યો. એમાં એક સરસ દૃષ્ટાંત છે. એક જુવાન માણસની વાત છે. એ હતાશથી ઘેરાઈ ગયો છે. પોતાની વેદનાની વાતો સતત કર્યા કરતો હોય છે. એને અચાનક એક સંત મળી ગયા. પોતે કેટલો બધો દુઃખી છે, એની મીઠુંમરચું ભભરાવીને જેટલી કરી શકાય એટલી વાતો કરી. સંતે એને એક પાણીનો ગ્લાસ આપ્યો અને કહ્યું કે એમાં એક મુઠ્ઠી મીઠું નાખ અને એને હલાવીને પી જા. યુવાને એ પ્રમાણે કર્યું. પાણી ખારું ખારું થઈ ગયું હતું. એકાદ બે ઘૂટડા પીધા અને એણે પાણીને થૂંકી નાખ્યું.

સંત પછી એ યુવાનને એક સરોવર પાસે લઈ ગયા. સંતે યુવાનને કહ્યું કે સરોવરમાં મીઠું નાખ. યુવાને સરોવરમાં મીઠું નાખ્યું. પછી સંતે કહ્યું કે હવે સરોવરનું પાણી ચાખ. યુવાને પાણી ચાખ્યું. સંતે કહ્યું : કેવું લાગ્યું. યુવાને કહ્યું : ખૂબ સરસ.

*કેવી નોખી આપે છે લજ્જત આ અણિયાળી મહેક,*
*કંટકો પણ પુષ્પનો પરિવાર લાગે છે.*
*- શોભિત દેસાઈ*

સંત યુવાનની પાસે બેઠા હતા. હાથમાં હાથ લીધો અને કહ્યું કે જીવનમાં દુઃખ આ મીઠા જેવું છે. સહેજ પણ વધારે નહીં અને સહેજ પણ ઓછું નહીં. વેદના તો એની એ જ છે. પણ એનો બધો આધાર તમે કયા પાત્રમાં નાખો છો અને તમારી કઈ પાત્રતા છે એ જ મહત્ત્વનું છે. ગ્લાસમાં મીઠું નાખશું એ પાણી ખારું લાગવાનું પણ વિશાળ સરોવરમાં મીઠું નાખશું તો કંઈ થશે નહીં તમારે નક્કી કરવાનું છે કે ગ્લાસ થવું છે કે વિશાળ સરોવર.

આપણે બધા કાચના ગ્લાસ જેવા તકલાદી થઈ ગયા છીએ. સરોવરની વિશાળતા ગુમાવી બેઠા છીએ.

મધ્યકાલીન કવિ ગણપતરામની પ્રથમ પંક્તિના આધારે આ પદ મૂકૂં છું.

'સંસારનું સુખ મળે ક્યમ સાચું રે?
આ તો કાયાનગર છે કાચું'
માયાનગરની ભાષા એવી; એમાં ધૂંધળું ધૂંધળું વાંચું.
તનમાં કોઈ ત્રેવડ નથી ને મનજીની ડંફાસ,
બાગબગીચા હોય ગીચોગીચ પણ છેવટ સુક્કું ઘાસ.
કઠપૂતળી આ જિંદગી કહે છેઃ ઘૂંઘરું વિના નાચું.
'સંસારનું સુખ મળે ક્યમ સાચું રે?
આ તો કાયાનગર છે કાચું'
અંગારા જેવી આંખની ઉપર વળતી જાયે રાખ,
એક પણ પળને સ્વાદ મળે છેઃ
જાણે ખાટી હોય દરાખ.
નગરના રસ્તા અજગર જેવાઃ કેમ કરી કહો રાચું?
'સંસારનું સુખ મળે ક્યમ સાચું રે?
આ તો કાયાનગર છે કાચું.'

* * *

## ચાર્લી ચૅપ્લિન (અનુસંધાન પાના નં. ૨૨ થી ચાલુ)

એ ગતિએ આપણને જકડી લીધા છે. યંત્રોએ સાધનોની વિપુલતા આપવા સાથે આપણી અનિયંત્રિત ઈચ્છાઓને પણ છંછેડી મૂકી છે. આપણે વિચારીએ છીએ ઘણું, અનુભવીએ છીએ ઓછું. યંત્રોના વિકાસ કરતાં આપણને માણસાઈના વિકાસની વધારે જરૂર છે. આ ગુણો વગર જિંદગી હિંસક અને આક્રમક બની જશે અને બધું જ એમાં ખલાસ થઈ જશે.

લોકોને મારે કહેવું છે, 'હતાશ ન થશો.' આપણી દરિદ્રતા એક વિરાટ લોભનું, માનવીના સાચા વિકાસને ન પચાવી શકતી એક કુંઠાનું પરિણામ છે. આ પરિસ્થિતિનો અંત આવશે, ધિક્કાર ખતમ થશે, સરમુખત્યારો નષ્ટ થઈ જશે, લોકો પાસેથી આંચકી લેવામાં આવેલું સામર્થ્ય લોકોને પાછું મળશે અને જ્યાં સુધી માણસજાત ટકશે, સ્વતંત્રતા પણ સાબૂત રહેશે.

લોકતંત્રના નામ પર શક્તિનો સાચો ઉપયોગ કરવાનો છે. બધા એક થઈને, જ્યાં માણસને કામ મળે, સુરક્ષિત ભવિષ્ય મળે, વૃદ્ધાવસ્થા મળે તેવા એક શિષ્ટ, ઔચિત્યમાર્ગ વિશ્વને સર્જવા માટે લડીએ. વચનો આપી ખોટા લોકો આપણને છેતરે છે, પોતાની સત્તા મજબૂત કરે છે અને પછી આપેલાં વચનોને કદી યાદ પણ નથી કરતા. બીજાને ગુલામ બનાવીને આવા સરમુખત્યારો પોતે સ્વતંત્રતા ભોગવે છે.

હેન્ના, તું મને સાંભળી શકે છે? તું જ્યાં પણ છે ત્યાંથી જો - વાદળો વિખેરાઈ રહ્યાં છે, સૂર્ય પ્રકાશી રહ્યો છે. આપણે અંધકારમાંથી બહાર આવી રહ્યાં છીએ, એક નવા વિશ્વ તરફ - એક સદ્‌ભાવનાભર્યા વિશ્વ તરફ જઈ રહ્યાં છીએ, જ્યાં માણસને પોતાના ધિક્કાર, લાલચ અને વિચારશૂન્યતાથી ઉપર ઊઠવાની તક મળશે.

જો હેન્ના, માણસના આત્માને પાંખો ફૂટી છે, તે છેવટે ઊડવાની તૈયારીમાં છે - મેઘધનુષ તરફ, આશાઓથી પ્રકાશિત આકાશ તરફ. તું, હું અને બધા જ જે મહિમામય ભવિષ્યના ઐશ્વર્યના હકદાર છે તે ભવિષ્ય તરફ, જો.

* * *

*ચાલને માણસમાં થોડું વહાલ વાવી જોઈએ, ને પછીથી વાડ થઈ વેલા ટકાવી જોઈએ.*
*બસ બને તો એક દીકરાને મનાવી જોઈએ, એ રીતે ઘરડાં-ઘરો ખાલી કરાવી જોઈએ.*

# ચાર્લી ચૅપ્લિન (૧૬-૪-૧૮૮૯ થી ૨૫-૧૨-૧૯૭૭)

**- વિનોદ ભટ્ટ**



એમનું આખું નામ ચાર્લ્સ સ્પેન્સર ચૅપ્લિન, પણ આખુંય વિશ્વ તેમને ચાર્લી ચૅપ્લિન તરીકે જ ઓળખે છે. ચાર્લીનો જન્મ લંડનમાં. એ સમયે ચીંથરેહાલ ગરીબો ઘોલકા જેવાં ઘરો કે ઝૂંપડપટ્ટીમાં રહેતા. ચાર્લી આવી ગરીબીમાં જ જન્મ્યા અને ઊછર્યા.

ચાર્લીનાં માતા-પિતા એક ખખડી ગયેલા થિયેટરમાં ગાવા-બજાવવા-ભજવવાનું ધંધાદારી કામ કરતાં હતાં. કમાણી ઓછી અને બંને વચ્ચે કંકાસ. બંને છૂટાં પડ્યાં. ચાર્લી નિ:સહાય થઈ ગયા. પાંચ વર્ષની ઉંમરે સૌથી પહેલી વાર ચાર્લીએ થિયેટરના તખ્તા પર કામ કર્યું. ત્યાર પછી નાનાં-મોટાં કામ કર્યાં અને અંતે પાછા થિયેટરમાં આવ્યા. ફારસિયા (Clown) તરીકે એમને કામ મળતું થયું. બોલતી ફિલ્મો હજી આવી નહોતી. ચાર્લી તેમના હાથ-પગની ચેષ્ટાઓ, દોડમદોડ, કૂદમકૂદ, નાચ જેવા ઠૂમકા અને મુખભાવોથી પ્રેક્ષકોને હસાવતા.

ત્રેવીસ વર્ષની ઉંમરે ચાર્લી અમેરિકા ગયા. લઘરવઘર બેફિકર રખડુ (Little Tramp) નું પાત્ર એમણે સર્જ્યું : માથે ગોળ બોલર હૅટ, ટૂથબ્રશ જેવી નાની સિંગલ મૂછ, ટૂંકો સિંગલ પ્રેસવાળો કોટ, ઈસ્ત્રી વિનાનું ગોળગોળ પાયચાવાળું પાટલૂન અને ફાટેલાં જૂતાં. આપણે ત્યાં 'આવારા'ને 'શ્રી ૪૨૦' જેવી ફિલ્મોમાં રાજ કપૂરે ચાર્લી જેવો વેશ ને અભિનય કર્યો છે. બોલતી ફિલ્મોમાં આ પાત્રની નર્મ-મર્મ રમૂજો અને સૂક્ષ્મ કટાક્ષોથી ચાર્લીએ બુદ્ધિજીવી પ્રેક્ષકોનાં મન પણ જીતી લીધાં.

'ગોલ્ડ રશ', 'સિટી લાઈટ્સ', 'મૉડર્ન ટાઈમ્સ', 'ગ્રેટ ડિક્ટેટર' વગેરે એમની જાણીતી ફિલ્મો છે. અમેરિકામાં ૧૯૫૨ના અરસામાં સામ્યવાદ વિરુદ્ધ મેકાર્થીઝમની ઝુંબેશ ચાલી. ચાર્લીના સામ્યવાદી વિચારો માટે તેમને દેશનિકાલની ધમકી આપવામાં આવી. ચાર્લીને બહુ ઘૃણા થઈ આવી. પોતે સ્વેચ્છાએ એકાંત જીવન ગાળવા સ્વિટ્ઝર્લૅન્ડ ચાલ્યા ગયા. ત્યાં એ વીસ વર્ષ રહ્યાં. ચાર્લીના હાસ્ય પાછળ કરુણ ભાવ અને કરુણા હતી. ગરીબાઈ અને દુ:ખમાં રહેવાને કારણે એમનામાં હમદર્દી અને માનવતા જોવા મળતી. એમને બે વાર ઑસ્કર અને લાઈફટાઈમ ઍચીવમેન્ટનો સ્પેશિયલ ઍવૉર્ડ મળ્યો હતો. ઈંગ્લૅન્ડમાં એમને ઉમરાવ (Lord) ના સરપાવથી નવાજમાં આવ્યા.

**'ધ ગ્રેટ ડિક્ટેટર'માં ચૅપ્લિને આપેલો સંદેશ**

(સંક્ષેપ)

મારે સમ્રાટ નથી બનવું. મારું એ કામ નથી. હું કોઈને જીતી લેવા કે તેના પર શાસન કરવા માગતો નથી. મને તો બધાને મદદરૂપ થવાનું ગમે, જો શક્ય હોય તો - યહૂદી, ખ્રિસ્તી, શ્યામ, શ્વેત દરેકને. આપણે બધા માનવીઓ છીએ. પરસ્પર મદદરૂપ થવું એ જ આપણો સ્વભાવ છે. એકબીજાને આનંદ આપીને જીવવાનું આપણને ગમે. એકબીજાને કંગાલ બનાવીને, ધિક્કારીને, તિરસ્કાર કરીને જીવવાનું ન ગમે. વિશ્વના એકેએક માણસને પોષવા જેટલી પૃથ્વી સમૃદ્ધ છે.

જિંદગીનો માર્ગ મુક્ત, સુંદર છે, પણ આપણે સૌ રસ્તો ભૂલ્યા છીએ.

પાર વિનાના લોભે માણસમાં ઝેર રેડી દીધું છે, વિશ્વને ધિક્કારની વાડમાં કેદ કરી દીધું છે અને માણસજાતને દરિદ્રતા અને ખૂનામરકીના રસ્તો ચડાવી દીધી છે. આપણે જિંદગીને ગતિ તો આપી છે, પણ

**(અનુસંધાન પાના નં. ૨૧ ઉપર)**

*કેવી રીતે જળ અહીં આસું બને તે જાણવા,*
*વહાલસોયી દીકરી ઘરથી વળાવી જોઈએ.*
*- ગૌરાંગ ઠાકર*

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### શ્રી ક.દ.ઓ. ગાંધી મહાજન દ્વારા ધાર્મિક પાઠો યોજાયા

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ગાંધીધામ દ્વારા ઘણીબાવા તથા ભલારાદાદનાં સમુહ પાઠનું આયોજન ક.દ.ઓ. જૈન મહાજનવાડી ગાંધીધામ મધ્યે ભક્તજનોની વિશાળ ઉપસ્થિતમાં કરવામાં આવ્યું હતું.

મહાજન અધ્યક્ષ શ્રી અરવિંદ લોડાયાએ સમાજવાસીઓને મીઠડો આવકાર આપ્યો હતો. મહાજનનાં મંત્રી શ્રી પ્રદિપભાઈ ખોનાએ સમુહપાઠનાં આયોજનનું મહત્ત્વ સમજાવ્યું હતું.

ઘણીબાવાનાં પાઠની વિધિ ઉદય મુનવરે જ્યારે ભલારાદાદાનાં પાઠની વિધિ કાન્તીલાલ નાગડાએ કરાવી હતી.

ભીમસિંગભાઈ ગઢવી એન્ડ પાર્ટી તથા રમજુભાઈ ઢોલીએ ભક્તિભાવનામાં રમઝટ જમાવી હતી. જ્ઞાતિનાં આગેવાન અને જી.ડી.એ.ના ચેરમેન શ્રી મધુકાન્તભાઈ શાહે પ્રાસંગિક પ્રવચન આપ્યું.

આ પ્રસંગે રાષ્ટ્ર રત્ન એવોર્ડ વિજેતા શ્રી પ્રબોધ મુનવરની સેવાઓને બિરદાવી તેઓશ્રીનું સન્માન પત્ર અર્પણ કરી અભિવાદન ગાંધીધામ મહાજનશ્રી દ્વારા કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રદિપભાઈ ખોનાએ જ્યારે આભાર દર્શન ચિરાગ મોમાયાએ કરેલ. વ્યવસ્થામાં ભુપેન્દ્ર લોડાયા, ગીતેન ધરમશી તથા મહાજનશ્રીનાં સર્વે કારોબારી સભ્યોએ સહકાર આપ્યો હતો. વિવિધ દાતાઓના સહયોગથી સંધ્યા ભોજનનું આયોજન કરવામાં આવેલ.

### વરાડીયા ડાઘા કુળદેવી શ્રી મોમાઈ માતાજીની પહેડી

શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ, વરાડીયા આયોજિત કુળદેવી શ્રી મોમઈ માતાજીની મુંબઈમાં ૨૫ મી રજત પહેડીનો લાભ માતુશ્રી મણીબાઈ વેલજી ડોશાભાઈ ડાઘા હસ્તે સૌ. આશાબેન દીપક ગંગાજર ડાઘા પરીવારે લીધેલ છે. પહેડીનું આયોજન રવિવાર તા. ૫.૨.૨૦૧૭ના સવારે ૮ કલાકે થી આઈરીશ હોલ, આર. પી. રોડ, જ્ઞાન સરીતા સ્કુલ પાસે, મુલુંડ (પ), મુંબઇ મધે છે.

### શ્રી ક.દ.ઓ જૈન સર્વોદય મંડળ, મુલુન્ડ

શ્રી ક.દ.ઓ જૈન સર્વોદય મંડળ, મુલુન્ડ દ્વારા રવિવાર તા. ૧૫-૧-૨૦૧૭, કાલીદાસ કોર્ટ, મુલુન્ડ (વેસ્ટ) ખાતે બપોરના ૨ કલાક થી રાતના ૧૦ કલાક સુધી ''HD FIRE રમતોત્સવ - ૨૦૧૭''નું આયોજન કરવામાં આવ્યું છે.

મહિલાઓ માટે રમત :ક્રીકેટ - ઉંમર વર્ષ ૧૬ થી ૫૦, પુરૂષો માટે રમત : કબ્બડી - ઉંમર વર્ષ ૧૬ થી ૩૫, પુરૂષો માટે રમત : વોલીબોલ - ઉંમર વર્ષ ૩૫ થી ૫૦, મહિલા અને પુરૂષો માટેની મીક્સ રમત : ઉભી ખો-ખો - ઉંમર વર્ષ ૫૦ થી ઉપર.

રમતમાં ભાગ લેનાર સભ્યોને કોચ દ્વારા ફ્રી કોચીંગ આપવામાં આવશે. ફોર્મ મેળવવાનો સંપર્ક : દિપક મોમાયા - મો. 93236 48398 / 96196 79159

### નવકાર ગ્રુપ - ગાંધીધામ દ્વારા યોજાયો નાણાંકીય સાક્ષરતા અભિયાન કાર્યક્રમ

નવકાર ગ્રુપ, ગાંધીધામ દ્વારા નાણાંકીય સાક્ષરતા પર એક તાલીમ કાર્યક્રમનું આયોજન તારીખ ૧૯-૨૦ નવેમ્બર ૨૦૧૬ના રોજ હોટેલ સિટી પ્લાઝા, ગાંધીધામ મધ્યે કરવામાં આવેલ જેમાં ૪ બેચ દરમ્યાન ૧૦૦ થી વધુ લોકોએ માર્ગદર્શન મેળવેલ.

આ અભિયાનમાં લોકોને વ્યક્તિગત નાણાં વ્યવસ્થાપન વિષે એટલે કે નાણાંનું યોગ્ય મેનેજમેન્ટ કઈ રીતે કરવું તેમજ નાણાંકીય છેતરપિંડી થી સાવધાની તેમજ રક્ષણ કઈ રીતે કરવું અને નાણાંનું કઈ જગ્યાએ રોકાણ કરવું કે જેથી ભવિષ્યમાં નાણાંનું વધારે સારું વળતર મળે તેનું માર્ગદર્શન આપવામાં આવેલ. ગ્રુપના વહીવટી સંચાલક શ્રી મિતેશ નિતિન મોતાએ અને પરિવર્તન લર્નિંગ સોલ્યૂશનના રૂપેશ નાગડા સૌને આવકાર્યાએ ખાસ મુંબઈ થી પધારી લોકોને નાણાંના મેનેજમેન્ટ વિષેની માહિતગાર કર્યા હતા.

નવકાર ગ્રુપના વહીવટી સહ-સંચાલક શ્રી યોગેશ મોતા તેમજ શ્રી ખુશાલ ખોનાએ આભાર વિધિ કહી હતી. આયોજન માટે શ્રી મેહુલ ખોના, શ્રી ચિંતન ગાંધી, સાર્થમ મંડળ તેમજ વોરિયર્સ ગ્રુપનો મહત્વનો સાથ સહકાર મળેલ.

### તીરૂપુર

હાલ તીરૂપુરમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસરમાં બિરાજમાન પ.પૂ. મુનીશ્વર શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.

આદિઠાણા ૩ ની નિશ્રામાં ઘણા કાર્યક્રમો થયા.

તા. ૯-૧૦-૨૦૧૬નાં શ્રી શ્રુતદેવી મહાપૂજન યોજાયેલ સાંજના ચૌવિહારની વ્યવસ્થા શ્રી સંઘ તરફથી હતી.

તા. ૧૬-૧૦-૨૦૧૬ના શ્રી સામૂહિક સિધ્ધચક્ર આરાધના થઈ.

તા. ૨૩-૧૦-૨૦૧૬ના તીરૂપુરમાં પ્રથમવાર આત્મશુદ્ધિ પાપ આલોચના સંવેદના પાપોનો પ્રાયશ્ચિત કરવાની વિધિ આયંબિલ તપ સાથે કરાવેલ. કુલ ૧૨૫, આયંબિલ થયા.

તા. ૨૪-૧૦-૨૦૧૬ના મુનીશ્રી ધર્મશેખર મ.સા. એ ઉતરાધ્યયન સૂત્રની વાંચના કરી.

તા. ૨૮-૧૦-૨૦૧૬ થી પંચાન્હિકા પૂજન થયેલ. નવકારશીનું આયોજન દરરોજ સંઘ તરફથી હતું.

તા. ૨૮-૧૦-૨૦૧૬ના મહાલક્ષ્મી યંત્રપૂજન. તા. ૨૯-૧૦-૨૦૧૬ના મહાકાળી માતાજી પૂજન. તા. ૩૦-૧૦-૨૦૧૬ના ૧૦૮ અભિષેક આદિ કાર્યક્રમો થયા.

તા.૩૧-૧૦-૨૦૧૬ના શ્રી ગુરૂ ગૌતમ સ્વામી અનંત લબ્ધિ નિધાન પૂજન તથા સંઘને સ્વામી વાત્સલ્ય જમણ શ્રી હંસરાજ વેરશી નાગડા પરિવાર તરફથી રાખવામાં આવેલ.

તા. ૩૧-૧૦-૨૦૧૬ના સવારના દ્વારોઘાટન તથા ગૌતમ સ્વામીનો રાસ વાંચેલ. પાંચે દિવસ રાતના રાખેલ ભક્તિ ભાવના માટે બેંગલોર થી સંગીત પાર્ટી પધારેલ.

તા. ૫-૧૧-૨૦૧૬ના જ્ઞાનપંચમીની આરાધના ૫૧ ખમાસમણા સહિત થઈ.

**શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ –**
**વરાડીયા આગામી કાર્યક્રમ**

વરાડીયા સ્થાનકે ડાઘા કુળદેવી પૂ. મોમઈ માતાજી તથા પૂ. ભલારાદાદા મંદિર ધ્વજારોહણ ઉત્સવ તથા પહેડી સંવત ૨૦૭૩ ચૈત્ર સુદ ૪ તથા – ૫ શુક્રવાર તથા શનિવાર તા. ૩૧-૩-૨૦૧૭ તથા તા. ૦૧-૦૪-૨૦૧૭ના યોજાશે. ભાવિકોએ પોતાની રીતે વરાડીયા પહોંચવું.

જાણ કરવા સંપર્ક : નિતિન પદમશી ડાઘા (પ્રમુખ) – મો. 09004391412

**ઈ.સ. ૧૯૮૦ સુધીમાં જન્મેલાઓ પર કુદરતની કેવી કૃપા હતી તે અંગે એક મિત્રે બીજાને કહેલ આ વાતો જાણવી ગમશે.**

આપણે ક્યારેય રમતી વખતે કે સાયકલ ફેરવતી વખતે હેલ્મેટ પહેરવી પડી નથી.

શાળાએથી આવ્યા પછી દી આથમા સુધી આપણે શેરીઓમાં રમતા પણ ત્યારે પોતાની રૂમ બંધ કરીને ટીવી જોવા બેઠા નથી.

આપણે ફક્ત આપણા વાસ્તવિક મિત્રો સાથે રમ્યા છીએ નેટ ફ્રેંડ સાથે નહીં.

મિત્રો સાથે એજ ગ્લાસમાં પાણી કે શરબત પીતા તો પણ ક્યારેય બિમાર પડ્યા નથી.

ખોબો ભરીને મિઠાઈ કે વાટકા ભરીને દુધપાક ઝાપટ્યા છતાંય ક્યારેય આપણને જાડાપણાની સમસ્યા સતાવતી નહીં.

ખુલ્લા પગે રખડવામાં કોઈ વાંધો આવતો નહીં કે ડર લાગતો નહીં.

આપણે જાતેજ સાદી ચીજોમાંથી આપણા રમકડા બનાવી લેતા કે રમવા માટેની સાદી ચીજો શોધી લેતા તે છતાં આજના મોંઘા રમકડાઓથી વધુ આનંદ તેમાંથી મેળવી શકતા.

આપણામાંથી મોટા ભાગના લોકોના માતા-પિતા માલદાર નહોતા પણ તેઓ ક્યારેય પૈસા કે સંપત્તિ માટે દોટ નહોતા મુક્તા. તેમની પાસે આપણને પ્રેમ કરવા માટે સમય હતો. આવા સમયને બદલે રમકડા કે બીજી લલચામણી ચીજો આપવાની તેમને ક્યારેય જરૂર નહોતી લાગી.

આપણી પાસે સેલફોન, ડીવીડીઓ, પ્લે સ્ટેશન, એક્સ બોક્સેસ, પરસનલ કોમ્પ્યુટર કે ચેટ નહોતા પણ તેમના અભાવ ન લાગે તેવા સાચા મિત્ર ઘણા હતા.

આપણા મિત્રોના ઘરે આપણે ગમે ત્યારે પહોંચી જતાં અને જમવા પણ બેસી જતાં ક્યારેય તેમના ઘરે જવા ફોન કરવાની જરૂર નહોતી પડી.

સંબંધીઓ ખૂબ નજીક હતા, તેથી આપણા દિલ એટલા ભરેલા હતા કે લાઈફ ઈન્શુરન્સની પોલીસી કઢાવી નથી તેની ચિંતા કરવાની જરૂર નહોતી.

વાત વાતમાં પ્લીઝ અને સૉરી બોલવાની જરૂર આપણને ક્યારેય નથી પડી. **– સંકલન**


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કુલીન ચાંપશી ગાલા** (PS 7285) મો.: 8758915499 | હૉટેલ સમુદ્ર, C/o. ડોસા સવા ગઢવી, પ્લોટ ૨૩, ૨૪, ૫૧, ૫૨, ખોડીયાર પેટ્રોલિયમની સામે, શક્તિ નગર, એ.પી.એલ. રોડ, મુંદ્રા - ૩૭૦ ૪૨૧. |
| **નવીનચંદ દામજી વિકમશી** (PS 5007) | ઈ-૨૧૫, વૃંદાવન ટાઉનશિપ, હરણી રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૬. |
| **શ્રીમતી પુજા નિકુંજ પોલડીયા** (PS 3455) | ગ્રાઉન્ડ ફ્લોર, ૩૧, રાધાપાર્ક સોસાયટી, ન્યુ વી.આય.પી. રિંગ રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯. |
| **કીર્તી શશિકાંત શાહ (લોડાયા)** (PS 4977) | જી-૭, મેહુલ કો.હા.સો. નં. ૨, સુભાનપુરા, પંચરત્ન સામે, વડોદરા - ૩૯૦ ૦૨૩. મો.: 9824575111 |
| **જેસલ મણીકાંત શાહ (લોડાયા)** (PS 697) | ૧૮૦૨, મિમોસા, નાહર અમૃત શક્તિ (આર-૧૨), ચાંદીવલી, પવઈ, મુંબઈ - ૪૦૦ ૦૭૨. |
| **અનિલ કુંવરજી શિયાળ** (PS 996) | ૧૧૦, અભિલાષા, બી-૧૪, ગારોડીયા નગર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. ફોન: 25060754 |
| **નિતલ ઉત્તમ ખોના** (PS 2349) મો.: 7738155571 | ૪૦૩, શંખેશ્વર ટાવર, ૪થે માળે, સુધા પાર્ક, સુધા શક્તિ નગર, ગારોડીયા નગર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. |
| **દિનેશ કુંવરજી દંડ** (PS 579) | ૬-બી, આશિયાના, ૨જે માળે, પુષ્પધન્વા કો.હા.સો., એમ. એમ. માલવીયા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: 9821030981 |
| **શ્રીમતી આરતી નિર્મલ દંડ** (PS 2552) | ફ્લેટ નં. ૧૩૦૧, લોટસ, સી વિંગ, ANG અગાસન કૉમ્પલેક્સ, અગાસન રેલ્વે ફાટક પાસે, દીવા (ઈસ્ટ), થાણે - ૪૦૦ ૬૧૨. મો.: 09820367910 / 09022672433 |
| **અમૃતલાલ લધાભાઈ મોમાયા** (PS 7294) | ઈ/૪૦૧, કલ્પતરૂ રીજન્સી-૨, ૧૦મો રોડ, કલ્યાણી નગર, પુણે-૪૧૧ ૦૦૬. |
| **શ્રીમતી ચંદ્રા વી. લોડાયા** (PS 6472) | ગણપતી વાડા, દેશપાંડે ગલી, સેવગાવ - ૪૧૪ ૫૦૨. |
| **દેવાંગ ઉત્તમ ખોના** (PS 6477) | ટી-૧, સિદ્ધિવિનાયક બ્લૉસમ, બાપટ માલા સામે, સાઉથ શિવાજી નગર, સાંગલી - ૪૧૬ ૪૧૬. મો. : 9767911777 |
| **કિશોર ભીખુભાઈ લોડાયા** (PS 3686) | ૫, સાઈ નિવાસ ચાલ, કુંભાર, ખાન પાડા, સુભાષ રોડ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. |
| **નરસી ખીંયશી ડાઘા** (PS 3548) | ૨, ભવાની સદન, ભંપલવાઈપ, ગુપ્તે ક્રૉસ રોડ, ઝુપરૂ નિવાસ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. |
| **શ્રીમતી નવલબેન સોમચંદ લોડાયા** (PS 3388) | ૧૮, સાઈ દીપક, ૨જે માળે, ગણેશ નગર, નૌપાડા, સુભાષ રોડ, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. |
| **શ્રીમતી દમયંતી ગોવિંદજી ધરમશી** (PS 2224) | બી-૧૮, પદમાવતી દર્શન, ગ્રાઉન્ડ ફ્લોર, આનંદ નગર, સીએમએસ સ્કુલ પાસે, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. |
| **શ્રીમતી રેશમા રોહીત છેડા** (PS 5438) | જી ૧૯, ડી બ્લૉક, સાઈ પેરેગોન મેડોસ, BEML Layout, થુભારહલ્લી પાલ્યા, બેંગ્લોર - ૫૬૦ ૦૩૭. મો.: 9895027108 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૧૦-૧૬ | વડોદરા | નીવ, નિમિષા કિરણકુમાર ધરમશી | જશાપર | પુત્ર |
| ૧૫-૧૦-૧૬ | - | દેવીશા, હેમા નયન (શાહ) પોલડીયા | બાયઠ | પુત્રી |
| ૦૫-૧૧-૧૬ | ડોમ્બીવલી | ધ્રુવિન, રૂચી પ્રતીક લાલકા | પરજાઉ | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૧૧-૧૬ | કોઈમ્બતુર | વિકાસ મહેન્દ્ર વેલચંદ લુઠિયા | નાની ખાવડી | ૨૯ |
| | ગોરેગામ | ઊર્જા સંજય મણીલાલ ડાઘા | દલતુંગી | ૨૬ |

### અંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૧૧-૧૬ | ખામગામ | કપિલ મુકેશ દંડ | તેરા | ૩૦ |
| | ખામગામ | ભાગ્યશ્રી સંતોષ ભગત | ખામગામ | ૨૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૧૧-૧૬ | હુબલી | ચંદ્રકાંત ગંગાજર ધરમશી | કોઠારા | ૭૦ |
| ૨૬-૧૧-૧૬ | મુલુંડ | શ્રીમતી ચારૂલતા ભરત મૈશેરી | જખૌ | ૬૧ |
| ૩૦-૧૧-૧૬ | દાવણગીરી | નીતા વિરેન્દ્ર રાયચંદ લાલકા | વારાપધર | ૫૫ |
| ૦૧-૧૨-૧૬ | વડાલા | શામજી કુંવરજી લોડાયા | જખૌ | ૭૭ |
| ૦૩-૧૨-૧૬ | વરાડીયા/એરોલી | માણેકજી નરસી દંડ | નલીયા | ૮૪ |
| ૨૬-૧૧-૧૬ | ડોમ્બીવલી | જયંતીલાલ ભવાનજી ગડા (જૈન) | ગોએરસમા | ૬૧ |
| ૨૭-૧૧-૧૬ | મુલુંડ | ગં.સ્વ. રતનબેન કાંતીલાલ મોતા | રાયધણજર | ૮૧ |
| ૩૦-૧૧-૧૬ | વાશી | જયેશ જગદીશ હીરજી ભારમલ | નલીયા | ૪૫ |
| ૨૪-૧૧-૧૬ | ટીટવાલા | નલીનીબેન હીરાચંદ નાગડા | નલીયા | ૭૪ |
| ૨૬-૧૧-૧૬ | કાંટોલ | કસ્તુરબાઈ તિલકચંદ ખોના | તેરા | ૯૭ |

## અર્ધાંગિની નહીં, પણ પૂર્ણાંગિની (અનુસંધાન પાના નં. ૧૯ થી ચાલુ)

દરરોજ અમારી સમીક્ષા પણ કરીએ છીએ. એકબીજાને સુપેરે ઓળખીએ છીએ એટલે બધું થાળે પડી જાય છે. તે મારી સાથે સહજતાથી કોઈ પણ વિષય પર વાત કરી શકે છે અને હું પણ તેને સારી મિત્ર ગણી મનની બધી જ વાત કહું છું. અમે તાણમુક્ત થવા સંગીતનો સહારો લઈએ છઈએ. ઘરમાં 'કરાઓકે' સિસ્ટમ છે. અમે એના સથવારે સાથે ગીતો ગાઈએ છીએ. તે સારું ગાઈ શકે છે. તે જૂનાં ગીતો ગાતી વખતે હું ગાઈ ન શકું તો તે ગાઈને ગીત પૂરું કરે છે. ખરેખવ મજા આવે છે. આમ અમે હળવાંફૂલ થઈ જઈએ છીએ.

કોઈ પણ અગ્નિકુંડમાં અગ્નિનું કામ છે કુંડ - હવનને પ્રજ્વલિત રાખવાનું પણ સમિધા (યજ્ઞમાં વપરાતા કાષ્ઠ)નું કામ છે અગ્નિને પ્રજ્વલિત રાખવાનું. મારા જીવનમાં ચારુ એક સમિધાનું કામ કરે છે. જે મને હંમેશાં કાર્યરત રહેવા પ્રેરણા આપતી રહે છે. એટલે ચારુને અર્ધાંગિની નહીં પણ પૂર્ણાંગિની કહેવું જ મને ગમશે.

છેલ્લે એક કાવ્ય ચારુ માટે....

**'નજરું મળી, મન મળ્યાં, તુજ સંગ ફેરા ફર્યો,**
**સીતા સમ કર્તવ્યનિષ્ઠ, સાદગીમાં પણ સંસાર કર્યો,**
**પત્નીરૂપે, મરણ પથારીએથી બેઠો કર્યો,**
**પુત્ર સમોવડી બની તું પુત્રવધૂ,**
**શ્રવણસમી સેવાનો નિર્ધાર કર્યો,**
**મક્કમ છતાં માયાળુ,**
**'મા'નો તે કિરદાર ભજવ્યો,**
**સખીરૂપે, આધારસ્તંભ બની, કાયમ તેં મને ગ્રહ્યો.**
**સુંદર મજાનું બનાવ્યું જીવન તને મળી, હું ઠર્યો,**
**તું છે તો હું છું,**
**શું થાશે, તારા વિના મારું?**
**સહપ્રવાસી નથી, તું સંગિની છે,**
**અર્ધાંગિની નહીં, તુ પૂર્ણાંગિની છે.**

# બીજી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



ગામ : નલીયા

હાલ : ઘાટકોપર

## સ્વ. ચંદનબેન જાધવજી લાલજી ધરમશી

અરિહંત શરણ : તા. ૯-૧૨-૨૦૧૪

નથી હયાત પણ સાથે છો, એવું હમેંશા લાગ્યા કરે...
આજે ય તમારા ચહેરાના દર્શન, અમોને સતત થયા કરે...
છોડ્યો તમે હાથ, મજબુર અમે થઈ ગયા...
હજુ જોઈતો હતો સાથ, પણ તમે દૂર થઈ ગયા...
તું હતી તો "ઘર", ખરેખર "ઘર" હતું "માં"...
ગોતી ગોતી થાકીશ પણ, મળીશ નહી તું "માં" !

ત્યારે કહેવાય છે કે જનાર તો જાતા રહ્યા... સદગુણ એમના સાંભરે...
લાખો લુટાવો તાયે પણ... મરનાર પાછા ના ફરે
એટલે માં વિના સુના ઘર ને સુના આંગણ... સુના તુમ વીણ બાળકો...
માર્ગ અમોને કોણ ચીંધે? અમે ભટકીશું વારંવાર

**બે.બે. વર્ષ વીતી ગયા માં, ભુલાતી નથી તમારી યાદ, યાદ આવે માડી અમને તારી ત્યારે, આપનો હતો પ્રેમ પારાવાર, યાદ આવો છો વારંવાર અને અમારી આંખેથી વહે છે અશ્રુધાર, એજ સાથે પ્રભુ પરમાત્મા આપના આત્માને ચિરઃશાંતિ આપે એજ પ્રાર્થના.**

શોકાતુર : **"આપના બાગના પુષ્પો"**

| | | | |
|---|---|---|---|
| પુત્ર - પુત્રવધુ | : | વિપુલા મુકેશ જાદવજી ધરમસી | નલીયા |
| પુત્ર - પુત્રવધુ | : | મયુરી ધર્મેશ જાદવજી ધરમસી | નલીયા |
| પૌત્ર | : | અર્જુન અને મીત | નલીયા |
| દીકરી - જમાઈ | : | અ.સૌ. તેજલતા નરેન્દ્ર નાગડા | જખૌ |
| દીકરી - જમાઈ | : | અ.સૌ. પ્રેમલતા નવીન ગાલા | કોટડી - મહાદેવ પુરી |
| દીકરી - જમાઈ | : | અ.સૌ. કલ્પના યતીન મૈશેરી | સાંધાણ |
| દીકરી - જમાઈ | : | અ.સૌ. ગીતા મુકેશ જૈન | વીરમગામ |
| સસરા પક્ષ | : | શા. લાલજી રાજપાર ધરમસી સમસ્ત પરિવાર | નલીયા |
| માપિત્ર પક્ષ | : | શા. પીતાંબર લધાભાઈ ડાગા સમસ્ત પરિવાર | વરાડીયા |

**સૌજન્ય : K.D.M. SWEETS** - Tel. No.: 7350884545 / 9819628578

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (05-12-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## અલગાર્વ : સમુદ્ર, સર્ફિંગ, સ્પા અને સૂરજ – ચંદ્રિકા લોડાયા, જન્મભૂમિમાંથી સાભાર

### પોર્ટુગીઝ સંસ્કૃતિની ઝલક મેળવવી છે ? તો ચાલો, અલગાર્વના કોઈ દરિયાઈ ગામડે...

પોર્ટુગલના દક્ષિણે છેવાડે આવેલો લાંબો સમુદ્ર કિનારો અલગાર્વ તરીકે ઓળખાય છે. આ કિનારો સુંદર બીચથી મઢેલો છે. એની પર સૂરજ ચમકતો હોય તેવા દિવસો ઘણા છે, તેથી અન્ય યુરોપિયન દેશોના લોકો અલગાર્વ પ્રદેશમાં આવેલા કોઈ ગામમાં રજાઓ ગાળવાનું ખૂબ પસંદ કરે છે. ૨૦૦ કિલોમીટર જેટલી લંબાઈ ધરાવતા આ રમણીય પટ્ટામાં અનેક સ્પા અને રિસોર્ટ આવેલાં છે. અહીંનું મુખ્ય શહેર ફારો છે જેની પાસે ઇન્ટરનેશનલ એરપોર્ટ પણ છે. ફારો અલગાર્વ પ્રદેશનું પાટનગર છે. અમે અલગાર્વની અમારી મુસાફરી ફારોથી શરૂ કરી. અલગ અલગ વંશોના શાસકોના હાથ નીચે આવેલા ફારો પાસે પોતાનો ઈતિહાસ છે તે એના ઐતિહાસિક જૂના શહેરની મુલાકાત લેતાં સ્પષ્ટ થાય છે. પોર્ટુગીઝ સંસ્કૃતિનો અનુભવ લેવા માટે ફારો યોગ્ય ગામ છે, કેમ કે અહીં પર્યટકોના ધાડાં નથી ઊતરતાં. જે લોકોનો મકસદ માત્ર દરિયાકિનારાને માણવાનો છે તેમના માટે અલગાર્વનાં અન્ય ગામો વધુ સગવડભર્યાં છે, કેમ કે ફારોમાં સમુદ્ર તટ થોડો દૂર છે, ચાલીને તરત નથી પહોંચી શકાતું. પરંતુ અમારો ઉદ્દેશ કેવળ મનોરંજનનો નહોતો. અમને સંસ્કૃતિ અને સ્થાનિક લોકો સાથે પરિચય કરવો ગમે છે. કિલ્લામાં આવેલા ઓલ્ટ ટાઉનનાં પોર્ટુગીઝ શૈલીનાં ચૂનો ધોળેલાં સફેદ ઘરો, દીવાલો પર જડેલાં ફૂલોનાં કૂંડાં, પથ્થરથી જડેલી સાંકડી ગલીઓ, પાછળ દેખાઈ જતો દરિયો, ચોકમાં બેઠેલા સ્થાનિક લોકો, રેસ્ટોરાં અને દુકાનો એ બધું અમે આ નાની જગ્યામાં ચાલતાં ચાલતાં જોયું. ગામમાં ટુરિસ્ટોની ચહલપહલ નહીંવત હોવાથી શાંતિમાંથી બધું જોવાનું રાહતદાયક લાગ્યું. પુરાણાં મકાનોના સંકૂલમાં એક મ્યુઝિયમ આવેલું છે. માત્ર બે યુરોની પ્રવેશ ફીમાં કલાના ઘણા નમૂના ત્યાં જોવા મળ્યા. એક ઓરડામાં ઘણા પ્રકારની ટોપીઓ પ્રદર્શિત કરવામાં આવી છે.







જૂના ભાગમાં નાનું, બહારથી ભપકા વિનાનું પણ સુંદર ચર્ચ આવેલું છે. અમે બે યુરોની પ્રવેશ ફી ચૂકવીને ચર્ચની અંદર ગયાં. ચર્ચને અંદરથી સુંદર રીતે શણગારવામાં આવ્યું છે, ખાસ કરીને ઓલ્ટરની કલાત્મકતા ઊડીને આંખે વળગે એવી છે. બહારથી ચર્ચ એટલું સાદું છે કે ઓલ્ટર આવું પ્રભાવશાળી હશે એવો ખ્યાલ ન આવે. પરંતુ આ ચર્ચ યાદ રહી જાય એવું છે બીજા કારણે. ચર્ચ સાથે જોડાયેલા એક ચેપલની દીવાલો સાધુઓનાં હાડકાં અને ખોપરીઓની બનેલી છે. દીવાલોમાં ખોપરીઓ જડેલી છે. ચેપલના પ્રવેશદ્વાર પાસે લખેલું છે, 'થોભો અને ભાગ્યમાં શું લખેલું છે તે જુઓ.' આગળના સુંદર ચર્ચને જોતાં જે પ્રસન્નતા થઈ હતી તે ઓગળી ગઈ અને એની જગ્યા જુગુપ્સાએ લઈ લીધી. બીભત્સ રસનું આ ચેપલ બહુ સારું ઉદાહરણ છે. પોર્ટુગલમાં સિરેમિકની અઝુલેજોસ ટાઈલ્સ બનાવવામાં આવે છે જે આ દેશમાં ચર્ચ, મહેલ તેમ જ સામાન્ય ઘરમાં પર વપરાયેલી જોવા મળે છે.

અનુસંધાન પાના ૧૪મા પાને

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,